apno ka bank

# સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો

# મહત્વપૂર્ણ હકીકત સ્ટેટમેન્ટ
# (કી ફેક્ટ સ્ટેટમેન્ટ)

| ઘટકો/મહત્ત્વપૂર્ણ હકીકતો | ટિપ્પણી/ વર્ણન |
|---|---|
| જોડાવવાની ફી | પ્રાથમિક અને એડ-ઓન કાર્ડધારક માટે શૂન્ય |
| **સભ્યપદ ફી (વાર્ષિક/માસિક)** | રૂા. 50-5000 (એમઆઈટીસીમાં કાર્ડના પ્રકાર અનુસાર); એડ-ઓન કાર્ડ માટે શૂન્ય |
| રોકડ અગ્રીમ ફી | રોકડ રકમના 2.5% (લઘુત્તમ રૂ. 500) |
| **સર્વિસ ;ચાર્જીસ** | સરકાર દ્વારા નિર્ધારિત કર્યા મુજબ જીએસટી દર (18% લાગુ પડે તે મુજબ) |
| **ફરતી ક્રેડિટ અને રોકડ એડવાન્સ બંને માટેના ફાયનાન્સ ચાર્જ** | એપીઆર 3.99% પ્રતિ માસ સુધી (47.88% વાર્ષિક) |
| વિલંબિત ચૂકવણી ફી | રૂા.5-1300 વચ્ચેની ગ્રાહકની કુલ આઉટસ્ટેન્ડિંગ રકમના આધારે ચાર્જ થતી વિલંબિત ચૂકવણી ફી |
| ક્રેડિટ મર્યાદા | સ્વાગત પત્ર અને માસિક સ્ટેટમેન્ટમાં પ્રગટ |
| ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા | માસિક સ્ટેટમેન્ટમાં પ્રગટ |
| રોકડ ઉપાડ મર્યાદા | માસિક સ્ટેટમેન્ટમાં પ્રગટ |
| બિલિંગ સ્ટેટમેન્ટ્સ-સમયાંતરે અને મોકલવાનું માધ્યમ | ભૌતિક / ઇ-સ્ટેટમેન્ટ દર મહિને મોકલવા આવે છે (પસંદ કરેલ પ્રાથમિકતા અનુસારના માધ્યમ દ્વારા) |

| | |
|---|---|
| ચૂકવવાપાત્ર લઘુતમ રકમ (લઘુતમ રકમ બાકી) | કુલ જીએસટી+ચાલુ મહિને ઈએમઆઈ ડેબિટ + 100% ફી/ચાર્જીસ + [મહત્તમ(રીટેલ ખર્ચ, રોકડ એડવાન્સ, વ્યાજના 5%) અથવા રૂા. 200)] + પહેલા ન ચૂકવેલ એમએડી (જો કોઈ હોય તો)* |
| ચૂકવણીની પદ્ધતિ | સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન (એનએસીએચ) અથવા એનઈએફટી/ચેક/માયકાર્ડ એપ/ઓનલાઈન વન ટાઈમ પેમેન્ટ દ્વારા સમયાંતરે ચૂકવણી |
| બિલિંગ તકરાર નિવારણ | કાર્ડમેમ્બર સ્ટેટમેન્ટ ફાળવ્યાના 30 દિવસોની અંદર ઇમેઇલ અથવા વેબસાઇટ ઉપર ઉપલબ્ધ તકરાર ફોર્મ સહી કરીને આરબીએલ બેંકને ઈ-મેઈળ કરી શકે ચે અથવા મોકલી શકે છે. (https://r-blbank.com/download-forms/credit-cards) |
| કાર્ડ ફાળવનારનું સંપૂર્ણ પત્રવ્યવહારનું સરનામુ | કાર્ડ સર્વિસીઝ, આરબીએલ બેંક લિ., યુનિટ 306-311, 3 જો માળ, જેએમડી મેગાપોલિસ, સોહના રોડ, સેક્ટર - 48, ગુરુગ્રામ, હરિયાણા–122018. |
| ગ્રાહક સંભાળ કેન્દ્રની સંપર્ક વિગતો | ટોલ ફ્રી નંબરઃ 1800 121 9050 અથવા 022-6232 7777 અમને ઈ-મેઈલ કરો cardservices@rblbank.com બજાજ ફીનસર્વ આરબીએલ બેંક સુપરકાર્ડસ ટોલ ફ્રી નંબર માટેઃ 022-7119 0900 અમને ઈ-મેઈલ કરો supercardservice@rblbank.com |

| તકરાર નિવારણ અધિકારીની સંપર્ક વિગતો | શ્રી વિકાસ નિગમ - 022-71432700 પર કોલ કરો અથવા principalnodalofficer@rblbank.com પર ઇ-મેઇલ કરો |
|---|---|

*પ્લેટિનમ એડવાન્ટેજ સુપરકાર્ડ સિવાય તમામ કાર્ડ માટે, જે 20% છે

"સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો (મોસ્ટ ઈમ્પોર્ટન્ટ ટર્મ્સ એન્ડ કંડીશન્સ)" ("MITC") અને અહીં આપેલ તમામ જાણકારી આરબીએલ બેંક લિમિટેડ દ્વારા ફાળવવામાં આવેલ તમામ ક્રેડિટ કાર્ડને લાગૂ પડે છે ("આરબીએલ બેંક") અને તેને આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટ અને ઉત્પાદન નિયમો અને શરતો (જ્યાં લાગૂ પડે ત્યાં) સાથે જોડાણમાં વાંચવાનું અને સમજવાનું રહેશે. સમયે સમયે લાગૂ પાત્ર કાયદાઓ અનુસાર અને બેંકની મુનસફી અનુસાર એમઆઈટીસી બદલાવને આધીન છે.

(A) ફી અને ચાર્જીસ

(i) કાર્ડ સભ્ય દ્વારા ચૂકવવાપાત્ર વાર્ષિક મેમ્બરશીપ ફી

| ક્રેડિટ કાર્ડનો પ્રકાર | વાર્ષિક ફી (1લું વર્ષ) | વાર્ષિક ફી (2જા વર્ષથી) |
|---|---|---|
| ઈન્સિનીયા | શૂન્ય | શૂન્ય |
| આઇકન | રૂ. 5000 | રૂ. 5000 |
| વર્લ્ડ સફારી | રૂ. 3,000 | રૂ. 3,000 |
| મની ટૅપ બ્લેક | રૂ. 3,000 | રૂ. 3,000 |
| બ્લોકબસ્ટર | રૂ. 3,000 | રૂ. 3,000 |
| પ્લેટિનમ મેક્સિમા પ્લસ | રૂ. 2,500 | રૂ. 2,500 |
| પ્લેટિનમ મેક્સિમા | રૂ. 2,000 | રૂ. 2,000 |
| પ્લેટિનમ ડિલાઈટ | રૂ. 1,000 | રૂ. 1000 (રૂા. 2 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર મુક્તિ) |
| પોપકોર્ન | રૂ. 1,000 | રૂ. 1,000 |
| મૂવીઝ એન્ડ મોર | રૂ. 1,000 | રૂ. 1,000 (રૂા. 1.5 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર મુક્તિ) |

| ક્રેડિટ કાર્ડનો પ્રકાર | વાર્ષિક ફી (1લું વર્ષ) | વાર્ષિક ફી (2જા વર્ષથી) |
|---|---|---|
| ટાઇટેનિયમ ડિલાઇટ | રૂ. 750 | રૂ. 750<br>(રૂા. 1.5 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર મુક્તિ) |
| મોકેશ | રૂ. 500 | રૂ. 500<br>(રૂા. 1 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર મુક્તિ) |
| શોપરાઇટ | રૂ. 500 | રૂ. 500<br>(રૂા. 1.5 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર મુક્તિ) |
| પ્લે | રૂ. 500 | રૂ. 500<br>(રૂા. 1.5 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર મુક્તિ) |
| વીકાર્ડ | શૂન્ય | રૂ. 500<br>(રૂા. 1 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર મુક્તિ) |
| પૈસાબાઝાર ડ્યૂએટ પ્લસ કાર્ડ | રૂ. 1499 | રૂ. 1499<br>(રૂા. 4 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર મુક્તિ) |
| સપ્ટેમ્બર 01, 2022 પહેલા ફાળવેલ પૈસાબાઝાર ડ્યૂએટ (પહેલા 'પૈસા ઓન ડિમાન્ડ" તરીકે જાણીતું) | રૂ. 500 | રૂ. 500 |
| સપ્ટેમ્બર 01, 2022 પહેલાં ફાળવેલ પૈસાબાઝાર ડ્યૂએટ (અગાઉ " પૈસા ઓન ડિમાન્ડ તરીકે જાણીતું") | શૂન્ય | શૂન્ય |
| ફન+ | રૂ. 499 | રૂ. 499<br>(રૂા. 1.5 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર મુક્તિ) |
| મનીટેપ | રૂ. 499 | રૂ. 499<br>(રૂા. 2 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર મુક્તિ) |

| | | |
|---|---|---|
| લેઝીપે | શૂન્ય | શૂન્ય |
| બેંક બાઝાર સેવ મેક્સ પ્રો | 1499 | 1499 |
| બેંક બાઝાર સેવ મેક્સ | શૂન્ય | શૂન્ય |
| યૂનિક (કસ્ટમાઇઝ થઈ શકતું) | કસ્ટમ ફ્રી | કસ્ટમ ફ્રી |
| ફ્રીઝ (મે 10, 2021 પહેલાં ફાળવેલ કાર્ડ્સ માટે) | Rs 500 | Rs 500 |
| પાર્ક+ | રૂ. 999 | રૂ. 999 |
| રીંગ | શૂન્ય | રૂ. 499 (રૂા. 1.5 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર મુક્તિ) |
| આઈગ્લોબ | રૂ. 3000 | રૂ. 3000 |
| પ્લેટિનમ ચોઇસ સુપરકાર્ડ | રૂ. 499 | રૂ. 499 |
| પ્લેટિનમ ક્લાસિક સુપરકાર્ડ | રૂ. 499 | રૂ. 499 |
| પ્લેટિનમ એડવાન્ટેજ સુપરકાર્ડ | રૂ. 499 | રૂ. 499 |
| પ્લેટિનમ શૉપસ્માર્ટ સુપરકાર્ડ | રૂ. 499 | રૂ. 499 |
| પ્લેટિનમ શૉપડેઇલી સુપરકાર્ડ | રૂ. 499 | રૂ. 499 |
| પ્લેટિનમ પ્લસ સુપરકાર્ડ | રૂ. 999 | રૂ. 999 |
| પ્લેટિનમ બૉનસ સુપરકાર્ડ | રૂ. 999 | રૂ. 999 |
| પ્લેટિનમ શૉપગેઇન સુપરકાર્ડ | રૂ. 1499 | રૂ. 1499 |
| પ્લેટિનમ ટ્રાવેલઇઝી સુપરકાર્ડ | રૂ. 999 | રૂ. 999 |

| | | |
|---|---|---|
| પ્લેટિનમ પ્રાઇમ સુપરકાર્ડ | રૂ. 999 | રૂ. 999 |
| પ્લેટિનમ મેક્સ સુપરકાર્ડ | રૂ. 999 | રૂ. 999 |
| પ્લેટિનમ એજ સુપરકાર્ડ | રૂ. 1999 | રૂ. 1999 |
| બિંજ સુપરકાર્ડ | રૂ. 999 | રૂ. 999 |
| પ્લેટિનમ લાઇફઇઝી સુપરકાર્ડ | રૂ. 1999 | રૂ. 1999 |
| વર્લ્ડ પ્રાઇમ સુપરકાર્ડ | રૂ. 2999 | રૂ. 2999 |
| વર્લ્ડ મેક્સ સુપરકાર્ડ | રૂ. 2999 | રૂ. 2999 |
| વર્લ્ડ પ્લસ સુપરકાર્ડ | રૂ. 4999 | રૂ. 4999 |
| ઈઝીસેવર સુપરકાર્ડ | રૂ. 499 | રૂ. 499 |
| માયફર્સ્ટ સુપરકાર્ડ | રૂ. 999 | રૂ. 999 |
| | માસિક ફી (1 લો મહિનો) | માસિક ફી (2 જા મહિનાથી) |
| ફ્રૂકીઝ (મે 20, 2021 બાદ ફાળવેલા કાર્ડ માટે) | રૂ. 100 | રૂ. 100 (આગલા મહિનામાં રૂા. 5000 કે તેથી વધુના માસિક ખર્ચને કારણે મુક્તિ) |
| મંથલી ટ્રીટ્સ (નવેમ્બર 01, 2021 પહેલાં ફાળવેલા કાર્ડ માટે) | રૂ. 50 | રૂ. 50 (આગલા મહિનામાં રૂા. 3000 કે તેથી વધુના માસિક ખર્ચ પર મુક્તિ) |
| મંથલી ટ્રીટ્સ (નવેમ્બર 01, 2021થી ફાળવવામાં આવેલ કાર્ડ માટે) | રૂ. 75 | રૂ. 75 (આગલા મહિનામાં રૂા. 3000 કે તેથી વધુના માસિક ખર્ચ પર મુક્તિ) |

| | | |
|---|---|---|
| મંથલી ટ્રીટ્સ (ડિસેમ્બર 07, 2023થી અમલમાં)** | રૂ. 100 | રૂ. 100 (આગલા મહિનામાં રૂા. 5000 કે તેથી વધુના માસિક ખર્ચ પર મુક્તિ) |

*વાર્ષિક શુલ્ક (1લું વર્ષ) પ્રથમ ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં ચાર્જ કરાશે.

** સુધારેલ ફી તમામ ચાલુ કાર્ડધારકોને લાગૂ પડશે.

(ii) આરબીએલ બેંક દ્વારા ફાળવવામાં આવેલ વિવિધ ક્રેડિટ કાર્ડ(કાર્ડ્સ) પર લાગૂ પડતી વાર્ષિક ફી કાર્ડ મેમ્બરદીઠ, અને ખાસ વિવરણ માટે ક્રેડિટ કાર્ડ દીઠ બદલાઈ શકે છે. કાર્ડ મેમ્બરને ક્રેડિટ કાર્ડ માટે અરજી કરવાના સમયે અને/અથવા કથિત ક્રેડિટ કાર્ડ ફાળવવાના સમયે લાગૂ પડતી ફી વિશે જાણ કરવામાં આવશે. વધુમાં, આવી ફી સીધેસીધી કાર્ડ મેમ્બરના એકાઉન્ટમાં ચાર્જ કરાશે અને તે મુજબ કાર્ડ સ્ટેટમેન્ટમાં તેનો ઉલ્લેખ કરાશે. ખર્ચ સાથે લિંક્ડ રીવર્સલ મેમ્બરશીપ ફી (જો કોઈ હોય તો)ની વિગતવાર શરતો માટે ઉત્પાદનના નિયમો અને શરતો (જ્યાં લાગૂ હોય ત્યાં) વાંચો.

## અન્ય ફીઅને ચાર્જીસ

| | |
|---|---|
| એડ-ઓન કાર્ડ ફી | શૂન્ય |
| કાર્ડ રીપ્લેસમેન્ટ (ખોવાયેલા/ચોરાયેલા/પુનઃજારી કરાયેલા/અન્ય કોઈ રીતે બદલાયેલા) | શૂન્ય, સિવાય કે અન્યથા ઉલ્લેખ હોય |
| ડુપ્લિકેટ સ્ટેટમેન્ટ ફી | શૂન્ય |
| વિદેશી ચલણ લેવડદેવડ/ડાયનેમિક અને સ્ટેટીક રૂપાંતરણ લેવડદેવડ – માર્કઅપ ચાર્જીસ* | 3.5% સુધી |
| | ઈન્સિનીયા ક્રેડિટ કાર્ડ પર 1.5% |
| | વર્લ્ડ સફારી ક્રેડિટ કાર્ડ પર 0% |

| | |
|---|---|
| આરબીએલ બેંકની શાખાઓ ખાતે રોકડ ચૂકવણી | આરબીએલ બેંક શાખા ખાતે કરેલા લેવડદેવડ પર રૂ.100/- રોકડ ડિપોઝિટ ચાર્જીસ |
| રેલવે ટિકિટની ખરીદી/કેન્સલેશન પર સરચાર્જ | આઈઆરસીટીસી સર્વિસ ચાર્જીસ + પેમેન્ટ ગેટવે ટ્રાન્ઝેક્શન ચાર્જીસ (ટિકિટની રકમના 1.8% સુધી + આઈઆરસીટીસી સર્વિસ ચાર્જીસ). વિગતો માટે આઈઆરસીટીસી વેબસાઈટ જુઓ |
| ફ્યુલ ખરીદવા ભારતમાં પેટ્રોલ પંપ ખાતે કરાયેલા લેવડદેવડ પર ફ્યુલ ટ્રાન્ઝેક્શન ચાર્જીસ | ફ્યુલ ટ્રાન્ઝેક્શન મૂલ્યના 1% સરચાર્જ અથવા રૂ.10/-માંથી જે વધુ હોય તે (મર્ચન્ટ બેંકના આધારે) |
| ઓવરલિમીટ ફી / દંડ** (જો આઉટસ્ટેન્ડિંગ રકમ ક્રેડિટ મર્યાદા કરતાં વધી જાય તો લેવાપાત્ર) | લઘુતમ રૂા.500ને આધીન ઓવરલીમિટના 2.5% (ઓક્ટોબર 09, 2023થી અમલી) |
| માલ અને સેવા કર (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) | સરકારના ધોરણો અનુસાર 18%નો પ્રમાણભૂત રેટ લાગુ પડશે |
| રિવોર્ડ રીડેમ્પ્શન ફી | તમામ ક્રેડિટ કાર્ડ પર કમાવેલ તમારા ઉપલબ્ધ રિવોર્ડ પોઈન્ટ્સના રીડેમ્પ્શન પર રૂા. 99+જીએસટીની રિવૉર્ડ રીડેમ્પ્શન ફી લાગૂ પડશે (ઈન્સિનીયા કાર્ડ્સ, ઈન્સિનીયા પ્રાઈમ કાર્ડ્સ પર રીડેમ્પ્શન ફી લાગૂ પડશે નહી) |
| ચેક પરત/અસ્વીકૃતિ શુલ્ક ઓટો ડેબિટ રિવર્સલ-બેંક ખાતામાં ફંડ નહીં હોવા પર | રૂ. 500 (બજાજ ફીનસર્વ આરબીએલ બેંક સુપરકાર્ડ્સ માટે) |
| મર્ચન્ટ ઈએમઆઈ પ્રોસેસિંગ ફી*** | મર્ચન્ટના આઉટલેટ/ વેબસાઈટ/એપ ખાતે લેવડદેવડ કરતી વખતે રૂા. 199+જીએસટી તમામ ઈએમઆઈ કન્વર્ઝન પર કરવામાં આવશે. |

| | |
|---|---|
| રેન્ટલ વ્યવહારો ઉપર ફી# | કોઇપણ લાગુ પડતાં મર્ચન્ટ ખાતે કરેલ તમામ રેન્ટલ લેવડદેવડ ઉપર લેવડદેવડની રકમની 1% ફી લાગૂપડશે (1લી ફેબ્રુઆરી, 2023થી અમલી) |

#આ સાથે સ્પષ્ટતા કરવામાં આવે છે કે રેન્ટ લેવડદેવડની ઓળખ માસ્ટરકાર્ડ / વીઝા દ્વારા ફાળવ્યા અનુસાર એમસીસીઝ (મર્ચન્ટ કેટેગરી કોડ) ઉપર આધારિત છે. ભાડા માટે નોંધાયેલ એમસીસીઝ અંતર્ગત પોતાને રજીસ્ટર કરાવેલ મર્ચન્ટ આઉટલેટ/ફ્રેન્ચાઈઝી ખાતે ખરીદી માટે ભાડાની લેવડદેવડ પર ફી લાગૂ પડશે.

ઓક્ટોબર 09, 2023થી વિદેશી ચલણમાં કરવામાં આવતી તમામ લેવડદેવડ પર લાગૂ પડ્યા અનુસાર માર્કઅપ ફી લાગશે. વિદેશ ખાતે અથવા ભારતમાં સ્થિત પરંતુ વિદેશમાં રજીસ્ટર્ડ મર્ચન્ટ્સ ખાતે ભારતીય ચલણમાં કરેલી તમામ લેવડદેવડ પર માર્ક અપ ફી પણ લાદવામાં આવશે.

મર્ચન્ટ ભારતમાં હોવા છતાં વિદેશમાં રજીસ્ટર્ડ મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સ ખાતે લેવડદેવડ પર ક્રોસ બોર્ડર ચાર્જ લાગશે.

***જો ઓવરલિમીટ લેવડદેવડને બાકી ક્રેડિટ મર્યાદા કરતાં જો આઉટસ્ટેન્ડિંગ રકમ વધારે હોય અને ગ્રાહક દ્વારા ઓવરલિમીટ સુવિધા પ્રાપ્ત કરવા માટે સંમતિ આપવામાં આવી હોય તો ઓવરલિમીટ ફી લાગૂ પડશે બેંક ફી, ચાર્જીસ અને વ્યાજના નોન-પેમેન્ટ પર બાકી ક્રેડિટ મર્યાદા કરતાં આઉટસ્ટેન્ડિંગ રકમ વધારે હોય તો ઓવર લિમીટ દંડ લાગૂ પડશે.

*** મર્ચન્ટ EMI પ્રોસેસિંગ ફી ઉપર વિગતવાર નિયમો માટે, કૃપા કરીને આરબીએલ બેંક વેબસાઇટ ઉપર મર્ચન્ટ ઈએમઆઈ નિયમો અને શરતો ધ્યાન ઉપર લો.

તમામ આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડસ માટે રીટેલ લેવડદેવડના ઈએમઆઈ રૂપાંતરણ પર બેઝ રિવૉર્ડ પોઈન્ટ એકત્ર કરવામાં આવશે નહીં. તેમાં રીટેલ લેવડદેવડને ઈએમઆઈમાં (સ્પ્લીટ-એન-પે) અને પીઓએસ/વેબ/મોબાઈલ એપ ખાતે લેવડદેવડ કરતી વખતે કરવામાં આવેલ ઈએમઆઈ રૂપાંતરણ વિનંતીનો સમાવેશ થાય છે.

**વિદેશી ચલણમાં લેવડદેવડ માટેની મહત્ત્વપૂર્ણ જાણકારી:** કોઈ લેવડદેવડ ભારતીય રૂપિયા સિવાયના ચલણમાં કરવામાં આવે છે, તો તેને ભારતીય રૂપિયામાં તબદિલ કરાશે. જે દિવસે આરબીએલ બેંક સાથે વ્યવહારની પતાવટ કરવામાં આવે તે દિવસે તબદિલી કરવામાં આવશે, જે વ્યવહાર કરવામાં આવ્યો હોય તે જ દિવસ ન હોય તેવું બની શકે છે. જો વ્યવહાર યુએસ ડૉલર સિવાયના અન્ય ચલણમાં કરવામાં આવે તો, યુએસ ડૉલર મારફતે તબદિલી કરવામાં આવશે જેમાં માસ્ટરકાર્ડ/ વીસા દ્વારા નિર્ધારિત રૂપાંતરણ દરે પતાવટની તારીખે પહેલા રકમને યુએસ ડૉલરમાં અને ત્યાર પછી યુએસ ડૉલરને ભારતીય રૂપિયામાં તબદિલ કરવામાં આવશે.

કૃપા કરીને નોંધ લેશો કે વિદેશી ચલણના વ્યવહારોના સઘળા રૂપાંતરણ પર ચલણ રૂપાંતરણ પરીબળ મૂલ્યાંકન (હાલ 3.50%, ઈન્સિનીયા ક્રેડિટ કાર્ડ્સ માટે 1.5%, વર્લ્ડ સફારી ક્રેડિટ કાર્ડ માટે 0%) આવા વ્યવહારો પર લાગુ પડશે. ઓક્ટોબર 09, 2023થી, આંતરરાષ્ટ્રીય સ્થળોએ અથવા વિદેશમાં રજીસ્ટર્ડ પરંતુ ભારતમાં સ્થિત મર્ચન્ટ્સ ખાતે ભારતીય ચલણમાં કરેલ તમામ લેવડદેવડ પર માર્કઅપ ફી લાદવામાં આવશે. પ્રત્યેક ઉત્પાદન માટે માર્કઅપ ફી ફોરેક્સ ચાર્જ જેટલી જ રહેશે.

## (iii) રોકડ એડવાન્સ ફી

| | |
|---|---|
| રોકડ ઉપાડ ચાર્જીસ | ઉપાડેલી રોકડ રકમના 2.5% (લઘુતમ રૂા. 500/-) |

કથિત એટીએમ્સ ખાતે ક્રેડિટ કાર્ડની સુસંગતા અનુસાર ભારતમાં અને/અથવા વિદેશમાં એટીએમ્સ ખાતેથી રોકડ ઉપાડવા માટે કાર્ડ મેમ્બર ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી શકે છે.

ઉપર જણાવ્યા અનુસાર રોકડ ઉપાડ ચાર્જીસ/લેવડદેવડ ફી આવા તમામ ઉપાડ પર લેવામાં આવશે અને અને આગામી/પછીના સ્ટેટમેન્ટમાં કાર્ડ મેમ્બરને બિલ કરવામાં આવશે લેવડદેવડ ફી આરબીએલ બેંકની સંપૂર્ણ મુનસફીએ ફેરફારને પાત્ર છે. તદુપરાંત, રોકડ ઉપાડની તમામ લેવડદેવડ પર ઉપાડની તારીખથી સંપૂર્ણ અને અંતિમ પેમેન્ટની તારીખ સુધી (નીચે ઉલ્લેખ અનુસાર) ફાઈનાન્સ ચાર્જ પણ લાગુ પડશે.

**(iv) વ્યાજમુક્ત અવધિ**

ક્રેડિટ કાર્ડ પર લાગુ પડતી સ્કીમને આધીન વ્યાજ મુક્ત ક્રેડિટ અવધિની રેન્જ 20થી 50 દિવસ સુધીની રહી શકે છે. જો કે, આવી ક્રેડિટ અવધિ લાગુ પડશે નહીં, જો અગાઉના મહિનાની શેષને સંપૂર્ણપણે ચૂકવી નહીં દેવાઈ હોય અથવા કાર્ડ મેમ્બરે એટીએમ પરથી રોકડ ઉપાડી હશે.

**નિદર્શન**

જો ગ્રાહક 11/01/2019ના રોજ રીટેલ લેવડદેવડ કરે છે અને તેમના આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટની તારીખ 20/01/2019 હોય તો, ચૂકવણી માટેની ડ્યૂ તારીખ 09/02/2019 છે. લેવડદેવડ તારીખથી ચૂકવણી માટેની તારીખ વચ્ચેના 30 દિવસના ગાળાને વ્યાજમુક્ત ક્રેડિટ અવધિ કહેવામાં આવે છે.

**(v) ફરતી ક્રેડિટ અને રોકડ એડવાન્સ બંને માટેના ફાયનાન્સ ચાર્જીસ**

કાર્ડ મેમ્બર દ્વારા ચુકવણીની છેલ્લી તારીખ સુધીમાં અગાઉના બિલિંગ સ્ટેટમેન્ટ અનુસાર કુલ બાકી રકમનું પેમેન્ટ નથી કરાતું તો તે સંજોગોમાં, કુલ બાકી રકમનું સંપૂર્ણપણે પેમેન્ટ ન થઈ જાય ત્યાં સુધીના આવા તમામ વ્યવહારો પર માસિક ટકાના દરે ફાયનાન્સ ચાર્જીસ ચૂકવવાપાત્ર રહેશે.

આ ફાયનાન્સ ચાર્જીસમાં સામેલ છે (i) પહેલી સાયકલમાં કરવામાં આવેલ લેવડદેવડ પર લાદવામાં આવતા ડિફર્ડ ફાયનાન્સ ચાર્જીસ અને વ્યાજ ગણતરીની અવધિ લેવડદેવડની તારીખથી વ્યાજમુક્ત અવધિમાં પહેલા સ્ટેટમેન્ટની બિલીંગ તારીખ સુધી રહેશે. (ii) પ્રારંભિક બેલેન્સ અને ચાલુ સ્ટેટમેન્ટ સાયકલની નવી લેવડદેવડ પર ફાયનાન્સ ચાર્જીસ લાદવામાં આવશે આગામી સ્ટેટમેન્ટ માટે, આ ચાર્જીસને ફક્ત ફાયનાન્સ ચાર્જીસ અંતર્ગત જ કોન્સોલિડેટ કરવામાં આવશે. ફાયનાન્સ ચાર્જીસ એટીએમ ખાતેથી રોકડ ઉપાડ પર પણ રોકડ ઉપાડની તારીખથી લઈને સંપૂર્ણ ચૂકવણી ન કરાય ત્યાં સુધી લાગુ થશે.

## લાગુ પડતા ફાયનાન્સ ચાર્જીસ

| | |
|---|---|
| સિક્યોર્ડક્રેડિટ કાર્ડ્સ | આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડ માટે – માસિક 2.5% અથવા વાર્ષિક 30% |
| | બજાજ ફીનસર્વ આરબીએલ બેંક સુપરકાર્ડ્સ માટે – 3.33% પ્રતિ માસ અથવા વાર્ષિક 40% |
| ઈન્સિનીયાક્રેડિટ કાર્ડ્સ | પ્રતિ માસ 3.4% અથવા વાર્ષિક 40.8% |
| અન્ય તમામ ક્રેડિટ કાર્ડ્સ | પ્રતિ માસ 3.99% સુધી અથવા વાર્ષિક 47.88%* |
| ડાયલ ફોર કેશ લોન એકાઉન્ટ | પ્રતિ માસ 3.35% અથવા વાર્ષિક 40.20% |

## અન્ય તમામ ક્રેડિટ કાર્ડ્સ પર બદલાતા ફાયનાન્સ ચાર્જીસ

| | |
|---|---|
| કેટેગરી એ | પ્રતિ માસ 3.35% અથવા વાર્ષિક 40.20% |
| કેટેગરી બી | પ્રતિ માસ 3.45% અથવા વાર્ષિક 41.40% |

| | |
|---|---|
| કેટેગરી સી | પ્રતિ માસ 3.65% અથવા વાર્ષિક 43.80% |
| કેટેગરી ડી | પ્રતિ માસ 3.85% અથવા વાર્ષિક 46.20% |
| કેટેગરી ઈ | પ્રતિ માસ 3.99% અથવા વાર્ષિક 47.88% |

## 15 મે' 2023થી, અન્ય તમામ ક્રેડિટ કાર્ડ્સ પર નીચેના ફાયનાન્સ ચાર્જીસ લાગૂ પડશે

| | |
|---|---|
| કેટેગરી એ | પ્રતિ માસ 3.30% અથવા વાર્ષિક 39.60% |
| કેટેગરી બી | પ્રતિ માસ 3.75% અથવા વાર્ષિક 45% |
| કેટેગરી સી | પ્રતિ માસ 3.99% અથવા વાર્ષિક 47.88% |

*મહત્તમ વ્યાજદર માસિક 3.99% અથવા વાર્ષિક 47.88% છે. આરબીએલ બેંક પોતાની સંપૂર્ણ મુનસફી અનુસાર કાર્ડ મેમ્બરના ક્રેડિટ સ્કોર, ખર્ચ, મર્યાદાના ઉપયોગ અને ચૂકવણીની પેટર્નના આધારે ક્રેડિટ કાર્ડ પર લાગુ પડતા ફાયનાન્સ ચાર્જીસમાં ફેરફાર, સુધારો કે બદલાવ લાવી શકે છે. લાગુ પડતા ફાયનાન્સ ચાર્જીસના દરોમાં કોઈ પણ ફેરફાર વિશે કાર્ડ મેમ્બરને તેમના બિલિંગ સ્ટેટમેન્ટમાં જાણ કરી દેવાશે. જો કાર્ડ મેમ્બર તેમના ક્રેડિટ કાર્ડ પર લાગુ પડતા દરને જાણવા માગતા હોય તો તેમણે અમારી ગ્રાહક સેવાનો સંપર્ક સાધવો આવશ્યક છે (તેની વિગતો પછીના વિભાગમાં અપાયેલી છે).

ચૂકવણી બાકી તારીખ સુધઈમાં કુલ બાકી રકમ ચૂકવવામાં નહીં આવે તો ફાયનાન્સ ચાર્જીસ લાગૂ પડશે. અગાઉની બાકી રકમની સંપૂર્ણ ચૂકવણી ન કરાય ત્યાં સુધી તમામ નવા વ્યવહારો પર (વ્યવહારની તારીખથી) અને વણચૂકવાયેલા કોઈ પણ ઈએમઆઈ સહિત કુલ બાકી રકમ પર વ્યાજ લાગુ કરાશે.

વ્યાજની ગણતરી દૈનિક ધોરણે અને દરેક દિવસના અંતે કરાય છે, જેનો આધાર કાર્ડ મેમ્બરની વર્તમાન બાકી શેષ પર રહેલો છે.

**વ્યાજ ચાર્જ ગણતરીનું નિદર્શન:**

પેમેન્ટ લાગુ થવાની તારીખે બાકી રકમનું ફક્ત આંશિક પેમેન્ટ કરાય છે. સ્ટેટમેન્ટની તારીખ દર મહિનાની 2જી છે તો વ્યાજની ગણતરી આગળના પેજ પર આપેલા નિદર્શ મુજબ છે.

**લેવડદેવડ**

| તારીખ | વ્યવહાર | રકમ |
|---|---|---|
| 12-12-2018 | કરિયાણાની ખરીદી | રૂ. 6,000/- |
| 26-12-2018 | કપડાંની ખરીદી | રૂ. 4,000/- |
| 02-01-2019 | સભ્યપદ ફી | રૂ. 499/- |
| 02-01-2019 | જીએસટી | રૂ. 89.82/- |
| 02-01-2019 | સ્ટેટમેન્ટની તારીખ | કુલ બાકી રકમ= રૂ 10,588.82 લઘુતમ બાકી રકમ = રૂા. 1,088.82 |
| 10-01-2019 | હોટેલ લેવડદેવડ | રૂ. 4,000/- |
| 15-01-2019 | મોબાઈલ બિલ ચૂકવણી | રૂ. 2,000/- |
| 22-01-2019 | ચૂકવણી ક્રેડિટ | રૂ. 1,088.82/- |
| 02-02-2019 | સ્ટેટમેન્ટની તારીખ | કુલ બાકી રકમ= રૂ 16,420.90 લઘુતમ બાકી રકમ = રૂા. 956.63 |

ચૂકવવાની બાકી રકમ ઉપર વ્યાજ નીચે મુજબ વસૂલવામાં આવશે: વાર્ષિક વ્યાજદર 47.88% છે જેનો મતલબ માસિક 3.99% થાય. આથી દૈનિક વ્યાજ = બાકી રકમ*(3.99%*12 મહિના/365 દિવસ).

વ્યાજ ગણતરી:

| લેવડદેવડની રકમ | સમયગાળો | દિવસોની સંખ્યા | રકમ |
|---|---|---|---|
| રૂ. 6,000/- | 12 ડિસે 2018થી 01 જાન્યુ 2019 | 21 | 165.28 |
| રૂ. 4,000/- | 26 ડિસે 2018થી 01 જાન્યુ 2019 | 7 | 36.73 |
| રૂ. 6,000/- | 02 જાન્યુ 2019થી 21 જાન્યુ 2019 | 20 | 157.41 |
| રૂ. 4,000/- | 02 જાન્યુ 2019થી 21 જાન્યુ 2019 | 20 | 104.94 |
| રૂ. 4,000/- | 10 જાન્યુ 2019 થી 02 ફેબ્રુ 2019 | 24 | 125.93 |
| રૂ. 2,000/- | 15 જાન્યુ 2019 થી 02 ફેબ્રુ 2019 | 19 | 49.85 |
| રૂા. 1088.82/-ની ચૂકવણી એડજસ્ટ કર્યા બાદ બાકી રૂા. 9500/- (રૂા. 588.82 જીએસટી અને સભ્યપદી ફીની ચૂકવણી માટે વપરાશે) | 22 જાન્યુ 2019 થી 02 ફેબ્રુ 2019 | 12 | 149.54 |
| | | લાગુ પડતા ફાયનાન્સ ચાર્જીસ | 202.01 |
| | | ફાયનાન્સ ચાર્જીસ | 587.68 |
| | | જીએસટી | 142.15 |
| | | કુલ ફાયનાન્સ ચાર્જીસ + જીએસટી | 931.84 |

આમ કુલ વ્યાજ ચાર્જ આટલો રહેશે: રૂ.931.84/- (લાગુ પડતા તમામ કર સહિત)

*જીએસટી વ્યાજની રકમ પર લાગુ પડતા દરે વસૂલાશે.

ચાર્જીંગ/ચક્રવૃદ્ધિ વ્યાજ માટે ન ચૂકવેલા ચાર્જીસ/બોજ/કર ચૂકવણીમાં રૂપાંતરિત નહીં કરવામાં આવે

(vi) વિલંબિત ચુકવણી ચાર્જીસ

| વિલંબિત ચૂકવણી ફી | **કુલ બાકી રકમ (રૂા.)** | **વિલંબિત ચૂકવણી ફી (રૂા.)** |
|---|---|---|
| | રૂા. 100 સુધી | 0 |
| | રૂા. 100થી વધુ | કુલ બાકી રકમના 12.5%<br>મહત્તમ રૂ. 1300/- |

*મે **15, 2023થી, નીચે** આપેલા વિલંબિત ચૂકવણી ચાર્જીસનું માળખું લાગુ પડશે.

| **વિલંબિત ચૂકવણી ફી (રૂા.)** | |
|---|---|
| કુલ બાકી રકમના 12.5% | |
| મહત્તમ રૂા.. 5/- | મહત્તમ રૂા. 1300/- |

વિલંબિત ચૂકવણી ફી (લેટ પેમેન્ટ ચાર્જ) ("એલપીએફ") લાગુ પડશે જો લાગુ પડતી તારીખના રોજ કાર્ડ મેમ્બર દ્વારા કોઈ ચૂકવણી કરાતી નથી અથવા લઘુતમ બાકી રકમ ("એમએડી") કરતા ઓછી ચૂકવણી કરાય છે.

**(i)** નિદર્શન

એલપીસી મૂલ્યાંકન તારીખના રોજ, જો ચોખ્ખી ચૂકવણી (જો કોઈ ચૂકવણી રીવર્સલ હોય તો તે સહિત) લઘુતમ બાકી રકમ કરતાં ઓછી હોય તો, આઉટસ્ટેન્ડિંગ રકમ પર વિલંબિત ચૂકવણી ચાર્જીસ લાદવામાં આવે છે. {આઉટસ્ટેન્ડિંગ રકમ=સ્ટેટમેન્ટમાં કુલ બાકી રકમ – ચોખ્ખી ચૂકવણી} વિલંબિત ફી મૂલ્યાંકન (લેટ ફી એસેસમેન્ટ) પહેલાં કરેલ તમામ ચૂકવણીઓ આઉટસ્ટેન્ડિંગ રકમની ગણતરી દરમ્યાન ધ્યાનમાં લેવામાં આવશે.

દા.ત.

| **એલપીસી નિદર્શન – ચોખ્ખી ચૂકવણીઓ < લઘુતમ બાકી રકમ** | | |
|---|---|---|
| **તારીખ** | **ઘટના** | **રકમ (રૂપિયામાં)** |
| 1 મે, 2022 | સ્ટેટમેન્ટ જનરેટ થયું | - |
| | કુલ બાકી રકમ | 9800.00 |
| | લઘુતમ બાકી રકમ | 490.00 |

| | | |
|---|---|---|
| 18 મે, 2022 | કરેલ ચૂકવણી – 1 | 300.00 |
| 19 મે, 2022 | કરેલ ચૂકવણી – 2 | 200.00 |
| 19 મે, 2022 | ચૂકવણી રીવર્સલ | 200.00 |
| 20 મે, 2022 | **ચૂકવણી બાકી તારીખ** | - |
| 21 મે, 2022 | કરેલ ચૂકવણી – 3 | 100.00 |
| 23 મે, 2022 | રૂા. 9400ના આઉટસ્ટેન્ડિંગ બેલેન્સ પર જ એલપીસી લાદવામાં આવશે. | 1,175.00 + 18% જીએસટી |

(ii) કાર્ડધારક દ્વારા પ્રાપ્ત થતા સેલ્સ રીવર્સલ અથવા રીફંડ પણ આઉટસ્ટેન્ડિંગ રકમને બદલશે. ચૂકવણી બાકી તારીખ (પેમેન્ટ ડ્યૂ ડેટ – પીડીડી) સુધી પ્રાપ્ત તમામ રીફંડ સ્ટેટમેન્ટ ટીએડીમાંથી ઓછા કરવામાં આવશે. પીડીડી બાદ મળેલ રીવર્સલ્સ/રીફંડ આઉટસ્ટેન્ડિંગ રકમને અસર કરશે નહીં.

દા.ત.

| **ચોખ્ખી ચૂકવણીઓ < લઘુતમ બાકી રકમ \| ડ્યૂ તારીખ પહેલાં રીફંડ અને રીવર્સલ** | | |
|---|---|---|
| **તારીખ** | **ઘટના** | **રકમ (રૂપિયામાં)** |
| 1st May, 2022 | સ્ટેટમેન્ટ જનરેટ થયું | - |
| | કુલ બાકી રકમ | 9800.00 |
| | કુલ બાકી રકમ | 9800.00 |
| | લઘુતમ બાકી રકમ | 490.00 |
| 18th May,2022 | કરેલ ચૂકવણી | 400.00 |
| 19th May,2022 | સેલ્સ રીફંડ – 1 | 200.00 |
| 20th May,2022 | **ચૂકવણી બાકી તારીખ** | - |
| 21st May,2022 | સેલ્સ રીફંડ – 2 | 300.00 |
| 23rd May,2022 | રૂા. 9400ના આઉટસ્ટેન્ડિંગ બેલેન્સ પર જ એલપીસી લાદવામાં આવશે. | 1,150.00 + 18% જીએસટી |

**(iii)** પહેલાની સાયકલના લેવડદેવડમાંથી ઉભા થયેલ વિવાદ અને વર્તમાન સાયકલમાં ગ્રાહકની તરફેણમાં મુક્ત કરેલ રકમ વિલંબિત ફી મૂલ્યાંકન માટે ગણતરીમાં લેવાતી આઉટસ્ટેન્ડિંગ રકમને ઓછી કરશે. ચાલુ સાયકલની લેવડદેવડમાં ઉભા થયેલ વિવાદ અને જે, ગ્રાહકોની તરફેણમાં નીપટ્યા નથી, તેનાથી આઉટસ્ટેન્ડિંગ રકમ પર કોઈ અસર થશે નહીં (જેના પર વિલંબિત ફી મૂલ્યાંકન કરવામાં આવ્યું છે)

**(iv)** ઈએમઆઈ રૂપાંતરણ અને રદીકરણ પણ આઉટસ્ટેન્ડિંગ રકમને અસર કરશે. પહેલાની સાયકલના લેવડદેવડના ઈએમઆઈ રૂપાંતરણ આઉટસ્ટેન્ડિંગ રકમને ઓછી કરશે, જ્યાં પહેલાંની સાયકલના લેવડદેવડમાં રદ કરેલા ઈએમઆઈ આઉટસ્ટેન્ડિંગ રકમને વધારશે જેના આધારે વિલંબિત ફી મૂલ્યાંકન કરવામાં આવે છે.

વિલંબિત ચૂકવણીના ચાર્જ માત્ર ત્યારે જ લેવામાં આવશે જ્યારે ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ ત્રણ દિવસ કરતાં વધુ સમય સુધી 'પાસ્ટ ડ્યૂ' તરીકે રહે. 'પાસ્ટ ડ્યૂના દિવસ'ની સંખ્યા અને વિલંબિત ચુકવણીના ચાર્જ જો કે, ચુકવણીની ભરપાઇ તારીખથી ગણવામાં આવશે.

## (vii) ઓવરલમિીટ ફી / દંડ

આંતરિક જોખમ નીતિ અને પ્રત્યક્ષ ગ્રાહક સંમતિને આધીન બેંક કેટલીક લેવડદેવડ મંજૂર કરી શકે છે જે ફાળવેલ ક્રેડિટ મર્યાદાને વધારી શકે છે. જો આવી ઓવરલિમીટ લેવડદેવડને કારણે આઉટસ્ટેન્ડિંગ રકમ ક્રેડિટ મર્યાદા કરતાં વધી જાય તો, ઓવરલિમિટ રકમની 2.5% ઓવરલિમીટ ફી તરીકે અથવા રૂા. 500, જે પણ વધુ હોય તે ઓક્ટોબર 09, 2023થી લાદવામાં આવશે.

જો ફી, ચાર્જીસ અથવા વ્યાજની ચૂકવણી ન કરવાથી કાર્ડ એકાઉન્ટ ઓવરલિમીટ જાય તો, ઓવરલિમીટ દંડ લાદવામાં આવશે.

| | |
|---|---|
| ઓવરલિમીટ દંડ (જો આઉટસ્ટેન્ડિંગ ક્રેડિટ મર્યાદા કરતા વધુ હોય તો લાદવામાં આવશે) | લઘુતમ રૂા. 500ને આધીન ઓવરલિમીટ રકમના 2.5% (ઓક્ટોબર 09, 2023થી) |

**(B) ઉપાડ મર્યાદા**

**(i) ક્રેડિટ મર્યાદા**

ક્રેડિટ મર્યાદા અને રોકડ ઉપાડ મર્યાદા એ કાર્ડની ડિલિવરીના સમયે જણાવવામાં આવેલી મહ્ત્તમ મર્યાદા છે અને તેનો ઉલ્લેખ માસિક સ્ટેટમેન્ટમાં પણ કરાય છે જે તમારા તમામ કાર્ડ એકાઉન્ટ માટે ઉપયોગ માટે ઉપલબ્ધ છે. તમારી તમામ લેવડદેવડ અને ફી ચાર્જીસ સહિતની કુલ બાકી રકમ આ મર્યાદાને પાર ન જઈ શકે. એડ ઓન કાર્ડ મેમ્બર પણ તે જ મર્યાદામાં સામેલ હોય છે. કાર્ડ મેમ્બર દ્વારા કાર્ડ પરની કુલ ક્રેડિટ મર્યાદાની અંદર કોઈ લોન પ્રાપ્ત કરાઈ હોય, તો લોનની બાકી રકમને કુલ ક્રેડિટ મર્યાદામાંથી બાદ કરાશે.

(ii) **ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા**

કોઈ પણ સમયે ઉપલબ્ધ કાર્ડ મર્યાદા એ ફાળવાયેલી કુલ ક્રેડિટ મર્યાદા અને તે સમયે કાર્ડ પરની ઉપયોગ કરાયેલી મર્યાદા વચ્ચેનો તફાવત છે. ક્રેડિટ અને કેશ મર્યાદા દરેક કાર્ડધારક માટે બદલાતી રહેશે અને કાર્ડધારકને માસિક સ્ટેટમેન્ટમાં તેનો ઉલ્લેખ કરાશે.

(iii) **રોકડ ઉપાડ મર્યાદા**

(એ) બેંક પોતાની સંપૂર્ણ મુનસફીને આધીન રહીને તમારી ક્રેડિટ તથા રોકડ ઉપાડની મર્યાદા નિર્ધારિત કરીને તેના વિશે કાર્ડ કેરિયર તેમજ માસિક સ્ટેટમેન્ટમાં જાણ કરશે. બેંક પોલિસી અનુસાર સમયાંતરે થતી સમીક્ષાને પગલે કાર્ડ એકાઉન્ટ માટે મંજૂર કરાયેલી ક્રેડિટ મર્યાદામાં ફેરફાર થઈ શકે છે. તમારા બધા કાર્ડ એકાઉન્ટની કુલ ક્રેડિટ મર્યાદા અને ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા સ્ટેટમેન્ટમાં ઉલ્લેખિત કરાય છે અને તમારા તમામ કાર્ડ એકાઉન્ટમાં ઉપયોગ માટે તે ઉપલબ્ધ હોય છે જેમાં તમારા એડ ઓન કાર્ડ્સનો પણ સમાવેશ થાય છે. કાર્ડ મર્યાદાથી વધુની કોઈપણ અધિકૃતતાને નામંજૂર કરવા માટે બેંકને ફરજ પડશે.

(બી) જો તમારું કાર્ડ રદ થશે તો ક્રેડિટ મર્યાદા અને કાર્ડ એકાઉન્ટ બંધ કરવામાં આવશે.

(સી) તમે માસિક સ્ટેટમેન્ટ અનુસાર બાકી નીકળતી

રકમ કરતા વધુ પેમેન્ટ કરો છો તો તમને ક્રેડિટ બેલેન્સની રકમ પર કોઈ વ્યાજ મળવાપાત્ર નહીં થાય અને તે રકમને પછીના માસિક સ્ટેટમેન્ટમાં બાકી નીકળતી રકમ સામે સમાયોજિત (એડજસ્ટ) કરવામાં આવશે.

## (C) બિલિંગ

### (i) બિલિંગ સ્ટેટમેન્ટ

છેલ્લી સ્ટેટમેન્ટ તારીખ બાદ જમા થયેલ ચૂકવણીની વિગતો અને કાર્ડ મેમ્બરના ખાતામાંથઈ ડેબિટ થયેલ લેવડદેવડની વિગતો સાથેનુ માસિક સ્ટેટમેન્ટ આરબીએલ બેંક કાર્ડ મેમ્બરના નોંધાયેલા ઇ-મેઈલ સરનામા અને મેઈલ એડ્રેસ ઉપર મોકલશે.

કાર્ડમેમ્બરના સંદેશાવ્યવહારના સરનામામાં કોઈ ફેરફાર થાય તો કાર્ડમેમ્બરને આરબીએલ બેંકનો તાત્કાલિક સંપર્ક કરવા સલાહ અપાય છે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે તમને સ્ટેટમેન્ટ નિયમિત રીતે સમયસર મળતા રહે.

### (ii) ચૂકવવાપાત્ર લઘુતમ રકમ

લઘુતમ બાકી રકમ અથવા એમએડી એ લઘુતમ રકમ છે જે તમારે તમારા કાર્ડ એકાઉન્ટને સારા ક્રેડિટ રેકોર્ડમાં રાખવા ચૂકવવી જરૂરી છે. કુલ જીએસટી + ચાલુ મહિનાના ઈએમઆઈ ડેબિટ + ફી/ચાર્જીસના 100% + [મહત્તમ{5%(રીટેલ ખર્ચ, રોકડ એડવાન્સ, ઈન્ટરેસ્ટ) અથવા રૂા. 200}] + પહેલાનું ન ચૂકવાયેલ એમએડી (જો કોઈ હોય તો) ના સરવાળા તરીકે એમએડીની ગણતરી કરવામાં આવે છે. પ્લેટિનમ એડવાન્ટેજ સુપરકાર્ડ સિવાય તમામ કાર્ડ માટે, જ્યાં તે 20% છે. કાર્ડ મેમ્બર દ્વારા કુલ બાકી ચૂકવણીનો હિસ્સો જમા કરાવવામાં આવે અથવા એમએડી જમા કરાવવામાં આવે (કોઈ પણ સ્થિતિમાં એમએડી કરતાં ઓછી નહી), બાકી ચૂકવવાપાત્ર આઉટસ્ટેન્ડિંગ રકમ પછીના સ્ટેટમેન્ટમાં આગળ ધપાવવામાં આવશે. સંપૂર્ણ અને અંતિમ ચૂકવણીની તારીખ સુધી તેના પર ફાયનાન્સ ચાર્જીસ લાગશે. ઓછામાં ઓછા એમએડીની ચૂકવણી પ્રાપ્ત ન થઈ હોય તેવી સ્થિતિમાં, તે એકાઉન્ટ બ્યૂરો સમક્ષ અપરાધી નોંધવામાં આવશે.

**કૃપા કરીને નોંધ લેશો કે દર મહિને ફક્ત લઘુતમ બાકી રકમની જ ચૂકવણી કરવાથી પરત ચૂકવણી લાંબા સમય સુધી ખેંચાશે અને તેના પર કાર્ડ મેમ્બરની બાકી બેલેન્સની ચૂકવણી પર સંલગ્ન વ્યાજ લાગુ થતું રહેશે.**

**નિદર્શનઃ** જો કોઈ કાર્ડધારક રૂ. 5,000/-નો ખર્ચ કરે છે અને દર મહિને માત્ર લઘુતમ બાકી રકમની ચૂકવણી કરે છે, તો તેના પરિણામે બાકી રહેલી રકમ ઉપર પરિણામ સ્વરૂપે વ્યાજની ચૂકવણી સાથે પરત ચૂકવણી 6 વર્ષ સુધી લંબાઈ શકે છે. આથી, જ્યારે પણ રોકડની સગવડ થાય ત્યારે કાર્ડ મેમ્બરે તરત જ લઘુતમ બાકી રકમ કરતા વધુ રકમનું નોંધપાત્ર પેમેન્ટ કરી દેવું જોઈએ.

આરબીએલ બેંક, એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિ અનુસાર, કોઇપણ સમયે, કોઇપણ પૂર્વ નોટિસ વગર, કોઇપણ કાર્ડમેમ્બરના સંદર્ભમાં અગાઉ ઉલ્લેખ કરેલી જોગવાઇઓમાં દર્શાવ્યા મુજબ માત્ર એમએડી ચૂકવવાનો વિકલ્પ પરત ખેંચી શકે છે. આરબીએલ બેંક અન્યથા સંમત ન થાય ત્યાં સુધી, કાર્ડ મેમ્બર પાસેથી નીચેના ક્રમમાં ઉલ્લેખિત રકમના સંદર્ભમાં તેની સામે પ્રાપ્ત થતી કોઇપણ ચુકવણી (એનપીએ એકાઉન્ટમાં રિકવરી અપગ્રેડ કિસ્સા માટે પાત્ર નથી તે સહિત):

(i) કરવેરા
(ii) ઇએમઆઇ
(iii) ફી અને ચાર્જીસ
(iv) વ્યાજ ચાર્જીસ
(v) છૂટક ખરીદીઓ અને રોકડ ઉપાડ પ્રત્યે ચૂકવણી;

ઉપર કોઇપણ બાબત જણાવવામાં આવી હોય તેને ધ્યાનમાં લીધા વગર: (i) આરબીએલ બેંક, એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિ પર, આરબીએલ બેંક તરફથી કાર્ડમેમ્બર દ્વારા મેળવવામાં આવેલી અન્ય સુવિધાઓના સંદર્ભમાં કાર્ડમેમ્બર દ્વારા કોઇ રકમ ચૂકવવાપાત્ર હોય તો બાકી રકમની સામે આવી ચૂકવણીઓ સરભર કરી શકે છે.; આવી રીતે રકમ સરભર કર્યા બાદ, જો કોઇ રકમ વધી હોય તો તેને તેવી રકમની સામે સરભર

કરી શકાય છે, જે આરબીએલ બેંક દ્વારા સર્જન કરવામાં આવનાર તરત પછીના આગામી સ્ટેટમેન્ટસમાં નિર્ધારિત કરવાની છે.

### (iii) ચૂકવણીની રીત

કાર્ડ એકાઉન્ટ પરત્વેનું ચૂકવણી નીચેના માંથી કોઈ પણ રીતે કરી શકાય છે:

### (A) વનટાઈમ ચુકવણી દ્વારા:

**ચુકવણી કરવા માટેની અનુકૂળ રીતો**

**ઓનલાઈન કાર્ડ ચૂકવણી**

- rblbank.com ની મુલાકાત લો, 'લોગ ઇન' પર ક્લિક કરો પછી 'ક્રેડિટ કાર્ડ'ની નીચે 'ઓનલાઈન કાર્ડ ચૂકવણી (ત્વરિત બિલ ચૂકવણી)' પર ક્લિક કરો

  અથવા
- ત્વરિત એક્સેસ માટે નીચે આપેલો ક્યૂઆર કોડ સ્કેન કરો:

**એનઈએફટી ચૂકવણી**

એનઇએફટી ટ્રાન્સફર શરૂ કરવા માટે તમારું આરબીએલ બેંક કાર્ડ ચૂકવણીકર્તા (પેયી) તરીકે ઉમેરો.

ચૂકવણીકર્તાનું (પેયીનું) નામ: કાર્ડ પરનું નામ

ચૂકવણીકર્તાનો એકાઉન્ટ નંબર: ક્રેડિટ કાર્ડનો નંબર

બેંકનું નામ: આરબીએલ બેંક

આઇએફએસસી કોડ: આરએટીએનØસીઆરકાર્ડ

શાખાનું સ્થળ: એનઓસી ગોરેગાંવ, મુંબઇ

**આરબીએલ માયકાર્ડ મોબાઇલ એપનો ઉપયોગ કરીને**

આરબીએલ માયકાર્ડ મોબાઇલ એપ દ્વારા ચૂકવણી શરૂ કરો.

ડાઉનલોડ કરવા માટે MyCard લખીને 5607011 પર એસએમએસ કરો.

**ચેકનો ઉપયોગ કરીને**

- તમારી નજીકની આરબીએલ બેંકની શાખામાં આરબીએલ બેંક કાર્ડ <16 અંકનો કાર્ડનો નંબર>ની તરફેણમાં ચેક ડ્રોપ કરો.
- વૈકલ્પિક રીતે, તમારો ચેક આ સરનામા પર કુરિયર કરો: આરબીએલ બેંક લિમિટેડ, યુનિટ: 306– 311, 3જો માળ, જેએમડી મેગાપોલિસ, સોહ્ના રોડ, સેક્ટર-48, ગુરગાંવ – 122 018, હરિયાણા.

**તમારા કાર્ડની ચૂકવણીઓ કરવા અંગે વધુ માહિતી માટે rblbank.com ની મુલાકાત લો**

### (B) સમયાંતરે પેમેન્ટ દ્વારા:

કાર્ડ સભ્યો તેમના ક્રેડિટ કાર્ડ પર સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન (એસઆઈ)/નેશનલ ઓટોમેટેડ ક્લિયરિંગ હાઉસનો (એનએસીએચ)નો વિકલ્પ પસંદ કરી શકે છે. એસઆઈ/એનએસીએચ એ કુલ બાકી રકમ (ટીએડી) અથવા લઘુતમ બાકી રકમ (એમએડી) માટે હોઈ શકે છે. આ નોંધવું જરૂરી છે કે એસઆઈ/એનએસીએચના અમલીકરણ માટે લાગૂપાત્ર રકમ એકાઉન્ટિંગ પછી

ક્રેડિટ માટે (ગ્રાહક દ્વારા શરૂ કરાયેલ ચૂકવણીઓ, મર્ચન્ટ રીફંડ, રિવૉર્ડ રીડેમ્પ્શન ક્રેડિટ/કેશબેક, ચાર્જ રીવર્સલ, વગેરે જો કો હોય તો) અને એકાઉન્ટમાં ચૂકવણી બાકી સ્થિતિ પહેલાં છેલ્લાં સ્ટેટમેન્ટ/ કામકાજી દિવસ સુધીના બિલ બાદ મળેલ ડેબિટ (ચૂકવણી રીવર્સલ) માટે હોય છે. એસઆઈ/એનએસીએચ અમલીકરણ એ લોજિક પર કામ કરે છે કે લઘુતમ એમએડી અથવા ટીએડી અને ક્રેડિટ્સ વચ્ચેના તફાવતની રકમને અમલી બનાવાશે.

ગ્રાહકે આદરેલું પેમેન્ટ એસઆઈ અમલીકરણની રકમ નિર્ધારિત કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

- કુલ બાકી રકમ અને ક્રેડિટ્સ/ડેબિટ્સ વચ્ચેની શેષ (ગ્રાહકે આદરેલું પેમેન્ટ હોય) કુલ બાકી રકમ જેટલી અથવા તેથી ઓછી હોય તો, એસઆઈ/એનએસીએચને પ્રાપ્ત થયેલા પેમેન્ટ અને એમએડીના તફાવતની રકમ માટે અમલી બનાવાય છે, જો આ તફાવત શૂન્ય રૂપિયા કરતા વધુ હોય. શૂન્ય

એસઆઈ/એનએસીએચ દ્વારા થતી ચૂકવણીઓ માટે, જો ચૂકવણીની લાગુ પડતી તારીખ રજાનો દિવસ હોય તો એનએસીએચ/એસઆઈને અગાઉના કામકાજના દિવસે પ્રસ્તુત કરાશે. ચેક માટેની ચૂકવણી ઓછામાં ઓછા 3 દિવસ અગાઉથી કરાવી જોઈએ જેથી સુનિશ્ચિત કરી શકાય કે ચુકવણીની છેલ્લી તારીખ સુધીમાં ફંડની પ્રાપ્તિ થઈ જાય.

જો ચૂકવણીની સૂચના (એનએસીએચ/એસઆઈ) એમએડી માટે કરાયેલી હોય તો--

| પેમેન્ટની સૂચનાનો પ્રકાર | સંજોગો | ટીએડી | એમએડી | ગ્રાહકે આદરેલી ચૂકવણી | એસઆઇ/ એનએસીએચ અમલીકરણ |
|---|---|---|---|---|---|
| એમએડી | A | 2,000 | 200 | 0 (બિન ચૂકવણી) | 200 |
| એમએડી | B | 2,000 | 200 | 100 (ચૂકવણી< એમએડી) | 100 |
| એમએડી | C | 2,000 | 200 | 200 (ચૂકવણી = એમએડી) | 0 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| એમએડી | D | 2,000 | 200 | 400 | 0 |
| એમએડી | E | 2,000 | 200 | 1,600 | 0 |
| એમએડી | F | 2,000 | 200 | 1,900 | 0 |
| એમએડી | G | 2,000 | 200 | >=2,000 | 0 |

જો ચૂકવણીની સૂચના (એનએસીએચ/એસઆઈ) ટીએડી માટે કરાયેલી હોય તો--

| પેમેન્ટની સૂચનાનો પ્રકાર | સંજોગો | ટીએડી | એમએડી | ગ્રાહકે આદરેલી ચૂકવણી | એસઆઈ/ ઈસીએસ અમલીકરણ રકમ |
|---|---|---|---|---|---|
| ટીએડી | A | 2,000 | 200 | 0 (બિન ચૂકવણી) | 2,000 |
| ટીએડી | B | 2,000 | 200 | 500 (ચૂકવણી< એમએડી) | 1,500 |
| ટીએડી | C | 2,000 | 200 | 1,500 (ચૂકવણી = એમએડી) | 500 |
| ટીએડી | D | 2,000 | 200 | >=2,000 | 0 |

**કૃપા કરીને નોંધ લેશો**: જો કાર્ડ સભ્ય કોઈ બિન-નિવાસી ભારતીય (એનઆરઆઈ) દરજ્જો ધરાવનારા છે તો તેણે સુનિશ્ચિત કરવું પડે કે તેના ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ પરત્વે કરાતી તમામ ચૂકવણી આવશ્યક રીતે તેમના જ બિન-નિવાસી બેન્કિંગ ખાતામાંથી કરાઈ રહી છે. અન્ય કોઈ પણ માધ્યમથી કરાતી ચૂકવણીને આરબીઆઈ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન ગણવામાં આવશે અને આરબીએલ બેંક આ કાર્ડને હવે પછીથી નોટિસ આપ્યા વિના બ્લોક કે બંધ કરવાનો એકાધિકાર ધરાવે છે. વધુ વિગતો માટે કૃપા કરીને કાર્ડ મેમ્બરના નિયમો અને શરતો જુઓ

**(iv) બિલિંગ વિવાદ નિવારણ**

કાર્ડ મેમ્બર સ્ટેટમેન્ટમાં ઉલ્લેખિત ચાર્જીસ સાથે અસંમત હોવાની સ્થિતિમાં, સ્ટેટમેન્ટ જારી કર્યાના 30 દિવસની અંદર તે વિશે આરબીએલ બેંકને લેખિતમાં જાણ કરી દેવી જોઈએ અને આમ કરવામાં તે નિષ્ફળ જશે તો તેનો મતલબ એવો ધારી લેવાશે કે સ્ટેટમેન્ટમાં ઉલ્લેખિત સઘળા ચાર્જ ક્રમાનુસાર છે. કાર્ડ મેમ્બર આરબીએલ બેંકને ઈમેઈલ કરીને અથવા તો સહી કરેલું

તકરાર ફોર્મ મોકલી શકે છે જે અમારી વેબસાઈટ (https://rblbank.com/download-forms/credit-cards) ખાતે ઉપલબ્ધ છે.
જો ઉપરોક્ત ત્રુટિઓ પ્રાથમિક દ્રષ્ટિએ બેંકને યથાયોગ્ય જણાશે, તો બેંક પોતાની સંપૂર્ણ સંતુષ્ટિ થાય તે રીતની સંલગ્ન તપાસ પૂર્ણ ન કરે ત્યાં સુધી હંગામી ધોરણે ચાર્જને રિવર્સ કરી શકે છે. જો કથિત તપાસમાં બેંકને જાણ થાય કે આવી (ત્રુટિના) ચાર્જની જવાબદારી જે-તે કાર્ડ મેમ્બર(મેમ્બરો) પરના ચાર્જ તરફ જ દોરે છે તો તે પછીના સ્ટેટમેન્ટમાં આ ચાર્જને પ્રસ્થાપિત કરાશે અને બેંક દ્વારા દાવો કરાનારી ફી/ચાર્જીસને ઉપર ઉલ્લેખિત ચાર્જના અનુસરણમાં લાગુ કરાશે. અહીંની જોગવાઈ 16થી નિસ્બત ન રહે તે રીતે, બેંકે પોતાના દ્વારા હાથ ધરાયેલી તપાસના પરિણામો વિશે કાર્ડ મેમ્બર(મેમ્બરો)ને 60 દિવસમાં જાણ કરવાની રહે છે.
“છેતરપિંડી” તરીકે વિવાદિત લેવડદેવડ માટે કોઈ ચાર્જ લાદવામાં નહીં આવે અને વિવાદનું નિવારણ ન થાય ત્યાં સુધઈ બેંક ક્રેડિટ બ્યૂરોને અહેવાલ આપવાનું સ્થગિત કરશે.

**તકરાર નિવારણ પ્રક્રિયા**

કાર્ડ મેમ્બર કોઈ પણ પૃચ્છાઓ માટે અને/અથવા ચિંતાઓના નિવારણ માટે નીચેની સંદેશાવ્યવહાર ચેનલોમાંથી કોઈના પણ દ્વારા બેંકનો સંપર્ક કરી શકે છે.
**લેવલ-I:**
તમે અમને અમારા કસ્ટમર કેર નંબર **022-6232 7777** અથવા**1800 1219050** પર કોલ કરી શકો છો અથવા અમને **cardservices@rblbank.com**પર ઈમેઈલ કરી શકો છો બજાજ ફીનસર્વ આરબીએલ બેંક સુપરકાર્ડ્સ માટે કોલ કરો **022-7119 0900** અથવા અમને ઈ-મેઈલ કરો અહીં **supercardservice@rblbank.com**
અથવા તમે તમારી કાર્ડ નંબરની વિગતો સાથે અમને અહીં લખીને મોકલી શકો છોઃ કાર્ડ સર્વિસીઝ, આરબીએલ બેંક લિ., યુનિટ નં. 306-311, જેએમડી મેગાપોલિસ, 3જો માળ, સોહ્ના રોડ, સેક્ટર - 48, ગુરગાંવ, હરિયાણા–122018. તમારી પૃચ્છાના પ્રકાર

અને નિરાકરણ અને કોમ્યુનિકેશન માટે જરૂરી સમયને આધારે અમે તમારો આ પત્ર અથવા ઈમેઈલ મળ્યાના 10 દિવસમાં તમને પ્રતિભાવ આપીશું. અમને લખતી વખતે અને નીચેની વિગતો જણાવો જેથી અમે તમારી સમસ્યાનું નિવારણ કરી શકીએ.

1. તમારું પૂરું નામ
2. તમારી સંપર્ક વિગતો (સરનામું, ટેલિફોન નંબર અને ઈ-મેઈલ)

કૃપા કરીને તમારી ચિંતા સમજવામાં અને ઉકેલવામાં અમને મદદ કરવા માટે તમારો ખાતા નંબર /ક્રેડિટકાર્ડ નંબરની સાથે તમને અગાઉની વાતચીત દરમિયાન તમને પૂરો પાડવામાં આવેલા રેફરન્સ નંબરનો ઉલ્લેખ કરો.

**લેવલ-II:**

જો તમે આપવામાં આવેલ નિરાકરણથી સંતુષ્ટ ન હોત તો, તમે અહીં ઈ-મેઈલ કરી શકો છો **headcardservice@rblbank.com**. તમારા કાર્ડ નંબર અને લેવલ -1 માં આપેલા સંદર્ભ નંબરનો ઉલ્લેખ કરો. 10 દિવસમાં જવાબ આપવામાં આવશે.

તમે હેડ ક્રેડિટ કાર્ડ સર્વિસીઝને લખી શકો છો - કાર્ડ સર્વિસીઝ, આરબીએલ બેંક લિમિટેડ, કાર્ડ્સ ઑપરેટીંગ સેન્ટર – સીઓસી, જેએમડી મેગાપોલિસ, યુનિટ નં. 306-311, ત્રીજોમાળ, સોહ્ના રોડ, સેક્ટર 48, ગુરગાંવ, હરિયાણા–122018.

**લેવલ-III:**

Iતમને પૂરા પડાયેલા ઉકેલથી તમે હજુ પણ સંતુષ્ટ ન હો અથવા જો તમને 10 દિવસમાં જવાબ ન મળ્યો હોય તો, તમે નીચે પ્રમાણે શ્રી વિકાસ નિગમ, પ્રિન્સિપાલ નોડલ ઑફિસરનો સંપર્ક કરી શકો છોઃ

પ્રતિ,

પ્રિન્સિપાલ નોડલ ઑફિસર, આરબીએલ બેંક – શ્રી વિકાસ નિગમ – કોલ કરોઃ 022-71432700 – પત્રવ્યવહારનુ સરનામું: આરબીએલ બેંક, જેએમડી મેગાપોલિસ, યુનિટ નં.

306-11, 3જો માળ, સોહ્ના રોડ, સેક્ટર 48, ગુડગાંવ, હરિયાણા–122018.

અમારા પ્રિન્સિપાલ નોડલ ઑફિસર 10 દિવસની અંદર તમારા સંતોષ મુજબ મુદ્દાને સુલઝાવવાનો પ્રયત્ન કરશે. ફરિયાદને તપાસ માટે વધુ સમયની જરૂર હોય તે કિસ્સામાં, પ્રતિભાવ આપવા માટે વધુ સમયની જરૂરિયાત વિશે સમજૂતી આપીને ફરિયાદને ધ્યાનમાં લેવામાં આવશે.

**લેવલ-IV:**

જો પ્રિન્સિપાલ નોડલ ઑફિસર તમારી તકરારનુ નિવારણ કરવામાં નિષ્ફળ રહે અથવા તમે 10 દિવસની અંદર પ્રિન્સિપાલ નોડલ ઑફિસર તરફથી કોઇ પ્રત્યુત્તર પ્રાપ્ત ન કરો તો તમે રિઝર્વ બેંક સંકલિત લોકપાલ યોજના, 2021 (RBIOS, 2021)ની જોગવાઇઓ અંતર્ગત રિઝર્વ બેંક સંકલિત લોકપાલને લખી શકો છો.

કૃપા કરીને રિઝર્વ બેંક સંકલિત લોકપાલ વિશે વધુ વિગતો માટે rblbank.com/ બેંક-pages/bankingom-budsman ની મુલાકાત લો.

આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડની ગ્રાહક વળતર નીતિનો સંદર્ભ rblbank.com/pdf-pages/bank-policies ખાતેથી મેળવી શકાય છે.

**(D) ડિફોલ્ટ અને સંજોગો**

**(i) કાર્ડધારકને ડિફોલ્ટર તરીકે રિપોર્ટ કરવા માટેના નોટિસ પિરિયડ સહિતની પ્રક્રિયા**

ડિફોલ્ટ થવાના સંજોગોમાં કાર્ડસભ્યને સમયાંતરે રિમાઈન્ડર મોકલાશે જેથી તે ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ પરની બાકી રકમનું સમાધાન કરી દે અને તેના માટે તે નીચેનામાંથી કોઈ પણ માધ્યમનો ઉપયોગ કરી શકે છેઃ પોસ્ટ, ટેલિફોન,ઈ-મેઈલ:, એસએમએસ મેસેજિંગ અને/અથવા યાદ અપાવવા, ફોલો અપ લેવા અને બાકી લેણાંની વસૂલાત કરવા ત્રીજા પક્ષની સામેલગીરી. નિમણૂંક પામેલ કોઈપણ ત્રીજો પક્ષ, સમયાંતરે લાગૂ પડતી દેવા વસૂલાત માટેની આચારસંહિતાનું સંપૂર્ણપણે પાલન કરશે. નીચેનામાંથી કોઈ એક અથવા વધુ ઘટના બનશે તો તેને ડિફોલ્ટની ઘટના ગણી લેવાશે અને આરબીએલ બેંક પોતાની સંપૂર્ણ મુનસફીને આધીન

રહીને ક્રેડિટ કાર્ડ સુવિધા પાછી ખેંચી શકે છે. ડિફોલ્ટના સંજોગો નીચે મુજબ છે:

a. કાર્ડ મેમ્બર 180 દિવસના નિર્ધારિત સમયમાં બેંકને બાકી કોઈ પણ રકમની ચૂકવણીમાં સતત નિષ્ફળ રહે;

b. કાર્ડ મેમ્બર કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટ મુજબ જવાબદારીઓ પૂરી કરવામાં નિષ્ફળ રહે;

c. કોઈ પણ ચેક/અથવા ઈસીએસ/સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન કે જે બેંકને અપાઈ હોય તેનું રોકડમાં રૂપાંતરણ ન થાય/તેના પર પ્રસ્તુત કોઈ પણ કારણસર કામ કરવામાં આવે નહીં/તેમ કરવામાં આવે નહીં.

d. કાર્ડમેમ્બર દ્વારા તેની આવક અને/અથવા કાગળ પરની ઓળખ/બેંકને અપાયેલા દસ્તાવેજોમાં કરાયેલી કોઈપણ રજૂઆત અસત્ય, ખોટી અથવા અધૂરી જણાય, અને તેમાં ખોટી કપટયુક્ત માહિતીનો સમાવેશ થતો હોય તે સહિત પરંતુ તેટલા પૂરતી મર્યાદિત નહીં તેવી અસત્ય, ખોટી અથવા અધૂરી રજૂઆત કરવામાં આવેલી હોય.

**(ii) ડિફોલ્ટ રિપોર્ટ પાછો ખેંચવાની પ્રક્રિયા અને દેવાની પતાવટ બાદ ડિફોલ્ટ રિપોર્ટ પાછો ખેંચવામાં આવશે તે અવધિ:**

a. કથિત કસૂર કરનારા ડિફોલ્ટરે બેંક સાથે તેની સમગ્ર બાકી નીકળતી રકમનું ફડચામાં રૂપાંતર કર્યું હોય અથવા બેંક સાથે તેની બાકી રકમનું સમાધાન કર્યું હોય.

b. બેંક દ્વારા અથવા સામે દાખલ કરવામાં આવેલા કાનૂની દાવામાં બેંકની વિરુદ્ધ કોર્ટનો ચુકાદો આવે અને બેંકને નિર્દેશ અપાય કે કાર્ડ મેમ્બરનું નામ ડિફોલ્ટ રિપોર્ટમાંથી કમી કરવામાં આવે. વ્યક્તિગત સમીક્ષાને આધારે કેસ અનુસાર નિર્ણયો લેવામાં આવે છે.

**(iii) ડિફોલ્ટના સંજોગોમાં વસૂલાતની પ્રક્રિયા:**

ડિફોલ્ટ થવાના સંજોગોમાં બેંક સમયાંતરે સુધારવામાં આવેલા લવાદ અને સમાધાન અધિનિયમ, 1996ની જોગવાઇઓ અંતર્ગત બેંકના નિર્ધારિત અધિકારી દ્વારા નિમાયેલા એકમાત્ર લવાદ સમક્ષ વિવાદ મોકલીને રકમની વસૂલાત કરી શકે છે. લવાદની બેઠક, ભારતના દિલ્હી શહેરમાં રહેશે.

લવાદની કાર્યવાહીની ભાષા અંગ્રેજીમાં રહેશે. પ્રો-રેટા ધોરણે કોઈ વાર્ષિક શુલ્ક અને/અથવા ચાર્જિસ પરત નહીં ચૂકવાય.

**(iv) કાર્ડધારકના મૃત્યુ/કાયમી વિકલાંગતાના સંજોગોમાં લેણાંની વસૂલાત:**

કાર્ડ મેમ્બરના મૃત્યુ અથવા કાયમી વિકલાંગતાના સંજોગોમાં, બેંક કાર્ડધારકના કાનૂની વારસદાર સાથે બાકી રકમની વસૂલાત કરવાનો અને શાંતિપૂર્ણ એકાઉન્ટમાં બાકી રકમનું સમાધાન કરવા પ્રયાસ કરશે.

**(v) કાર્ડ ધારક માટે ઉપલબ્ધ વીમા કવચ અને એક્ટિવેશન પોલિસીની તારીખ:**

કાર્ડધારક/ગ્રાહકને ઉપલબ્ધ વીમા પોલિસી ક્રેડિટ કાર્ડમાં છે અને તેનો ઉલ્લેખ કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટના નિયમો અને શરતોમાં કરાયેલો છે. પોલિસી હેઠળ બેંકને નુકસાનનો રિપોર્ટ કરતા પહેલાના 1 દિવસમાં થનારા નુકસાન અને બેંકને નુકસાનના રિપોર્ટિંગના 7 દિવસની અંદરના નુકસાનનો સમાવેશ છે. આ દાવાનો રિપોર્ટ બેંકને બને તેટલી ઝડપથી કરવાનો રહેશે.

## (E) કાર્ડ મેમ્બરશીપનો અંત/રદ કરી દેવું/પરત કરવું

**(i) કાર્ડ મેમ્બર દ્વારા કાર્ડને પરત કરવાની પ્રક્રિયા**

(એ) કાર્ડ મેમ્બર કોઈ પણ સમયે પોતાના તમામ ક્રેડિટ કાર્ડને ચુંબકીય પટ્ટીની આરપાર કાપીને બેંકને પરત કરીને કાર્ડ એકાઉન્ટનો અંત કરી શકે છે, જેની સાથે તેણે લેખિતમાં વિનંતી અથવા તો બેંકની 24 કલાકની કસ્ટમર સર્વિસ હેલ્પલાઈન પર ફોન કરીને ક્રેડિટ કાર્ડ સાથે સંકલિત તમામ લાભો અને સુવિધાઓને બંધ કરવાની વિનંતી કરવાની રહેશે. પ્રાથમિક કાર્ડ મેમ્બર બેંકને લેખિતમાં જાણ કરીને વધારાના કાર્ડનો ઉપયોગ રદ કરાવી શકે છે, અને તેની સાથે નિસ્બત ન રહે તેમ પ્રાથમિક કાર્ડ મેમ્બર જ વધારાના ક્રેડિટ કાર્ડના ઉપયોગને કારણે લાગુ પડનારા કોઈ પણ ચાર્જિસ, શુલ્ક માટે જવાબદાર રહેશે.

પ્રો-રેટા ધોરણે કોઈ વાર્ષિક શુલ્ક અને/અથવા ચાર્જિસ પરત નહીં ચૂકવાય.

**(ii) આરબીએલ બેંક દ્વારા અંત/કાર્ડ રદ કરવું**

a. બેંક કોઈ પણ સમયે પોતાની મુનસફીને આધીન ક્રેડિટ કાર્ડ સુવિધાને બંધ કરી શકે છે અથવા કોઈ પણ સમયે કોઈ કારણ અથવા મુદ્દો અથવા નોટિસ પાઠવ્યા વિના ઉપયોગને નિયંત્રિત કરી શકે છે. બેંક ક્રેડિટ કાર્ડ સુવિધા બંધ કરે છે, ત્યારે કાર્ડ એકાઉન્ટમાંની સઘળી બાકી રકમ (હજી સુધી ઉધારાયા ન હોય તેવા ચાર્જિસ અને રોકડ ઉપાડ સહિત) ડ્યુ થાય છે અને તાત્કાલિક ચૂકવવાપાત્ર બને છે.બેંક રદ કરાયેલા ક્રેડિટ કાડ્ર્સના તમામ એકમોને (જ્યાં ક્રેડિટ કાર્ડ માન્ય/સ્વીકૃત રહે છે) પણ આની જાણ કરી શકે છે. ક્રેડિટ કાર્ડ રદ કરાય, તો કાર્ડ મેમ્બરે તેના બે ભાગમાં ફરજિયાત ટુકડા કરીને તે બંને ટુકડા બેંકને તાત્કાલિક સુપરત કરી દેવા આવશ્યક છે. પ્રો-રેટા ધોરણે કોઈ વાર્ષિક શુલ્ક અથવા અન્ય ચાર્જિસની પરત ચૂકવણી નહીં થાય.

b. કાર્ડધારક તેની/તેણીની રોજગારી, વ્યવસાય અથવા સરનામામાં ફેરફાર કરે, અથવા તેની/તેણીની વર્તમાન નિમણૂંકની જગ્યા પરથી બદલી થાય, અથવા તેની/તેણીનું સેલરી એકાઉન્ટ/ મુખ્ય બેંક એકાઉન્ટ બદલે (જે તે કિસ્સા અનુસાર) તો બેંક તેની મુનસફી અનુસાર ક્રેડિટ કાર્ડ સુવિધા સમાપ્ત કરવાનો અધિકાર ધરાવશે. કાર્ડમેમ્બર ચોક્કસ રીતે સ્વીકારે છે કે એકવખત ક્રેડિટકાર્ડ એકાઉન્ટ રદ કરવામાં/બંધ કરવામાં આવે તો, ક્રેડિટ કાર્ડના વિશેષાધિકારો (તમામ લાભો અને સેવાઓ સહિત) તરત જ પરત ખેંચવામાં આવે છે, અને આવી વિશેષ સુવિધાઓ ફરીથી આપમેળે પુનઃસ્થાપિત થશે નહીં અને બેંકની સંપૂર્ણ મુનસફી અનુસાર જ થશે. ક્રેડિટ કાર્ડ (કોઈ પણ કારણસર) રદ થવા પર, મેમ્બરે:

• ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવો જ નહીં, કાર્ડના ઊભા બે ટુકડા કરીને તે બેંકને પરત કરવા
કાર્ડના કોઈપણ ઉપયોગ માટે જવાબદાર છે
લંબમાં અડધું કાપીને બેંકને કાર્ડ પરત ન કરવામાં આવે ત્યાં સુધી ચાર્જીસની ચૂકવણી માટે
• ક્રેડિટ કાર્ડના ઉપયોગ માટેની શરતો અનુસાર બેંકને ચૂકવણી કરવાનું ચાલુ રાખવાનું રહેશે.

c. જો કાર્ડ મેમ્બર(મેમ્બરો)ના ક્રેડિટ કાર્ડનો કદી ઉપયોગ જ ન થયો હોય અથવા 90 દિવસ કરતા વધુ સમય સુધી ઉપયોગ ન થયો હોય તો બેંક તેના લાભો પરત ખેંચી શકે છે.

d. આરબીઆઇની માર્ગદર્શિકા અનુસાર લાંબા સમયની નિષ્ક્રિયતાના કારણે કાર્ડ બંધ થવું, 1 વર્ષના સમયગાળા માટે ક્રેડિટ કાર્ડનો વપરાશ ન કરવો, ક્રેડિટ કાર્ડના કાયમીપણે બંધ થવામાં પરિણમશે. 1 વર્ષથી વધારે સમયની નિષ્ક્રિયતાના કિસ્સામાં, બેંક 30 દિવસના નોટિસ સમયગાળાના અંતે કાર્ડના કાયમી ધોરણે બંધ થતાં પહેલા પ્રતિભાવ/પ્રત્યુત્તર આપવા માટે 30 દિવસની નોટિસ મોકલશે.

## (F) કાર્ડ ખોવાઈ જવું/ચોરી થવું/દુરુપયોગ થવો

### (i) કાર્ડ ખોવાઈ જાય/ચોરી થાય/દુરુપયોગ થવાના કિસ્સામાં અનુસરવાની પ્રક્રિયા- કાર્ડ જારી કરનારને જાણ કરવાની રીત

કાર્ડ ખોવાઈ જાય, ચોરાય અથવા ન મળે, આરબીએલ બેંક અથવા અન્ય બેંકના એટીએમમાં અંદર જતું રહે અથવા તેની મંજૂરી વિના કાર્ડનો ઉપયોગ થાય તો કાર્ડ મેમ્બરે 24 કલાકના ટોલ ફ્રી નંબર પર કસ્ટમર સર્વિસને કોલ કરીને તાત્કાલિક બેંકને માહિતગાર કરવી. તદુપરાંત ખોવાઈ જવા/ ચોરી/ દુરુપયોગના સંજોગોમાં, કાર્ડ મેમ્બરે પોલીસ ફરિયાદ/ ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) નોંધાવીને તેની એક નકલ બેંકમાં જમા કરાવવી આવશ્યક છે.

**(ii) ઉપરના સંજોગોમાં કાર્ડધારકની જવાબદારીઓ**

a. બેંકને નોટિસ/સંદેશાવ્યવહાર પાઠવ્યા પહેલાં ક્રેડિટ કાર્ડના કોઇપણ અનધિકૃત ઉપયોગના પરિણામે કાર્ડ મેમ્બરની ઉદભવતી જવાબદારી બેંકને નોટિસ/સંદેશાવ્યવહાર કરાય ત્યાં સુધીના તમામ ચાર્જિસ પરત્વેની રહેશે અને બેંકને નોટિસ પ્રાપ્ત થયા પછી જ તે "શૂન્ય" રહેશે.

b. કોઈ પણ વિવાદી વ્યવહારની તપાસના સંજોગોમાં કાર્ડ મેમ્બર બેંક, બેંકના પ્રતિનિધિ અને/અથવા કાનૂની સત્તાવાળાઓ સાથે સંપૂર્ણ સહકાર દાખવશે.

c. કાર્ડ મેમ્બરને પાછળથી ક્રેડિટ કાર્ડ (ચોરીનો રિપોર્ટ કર્યા પછી) મળી જાય તો તે સંજોગોમાં પ્રાપ્ત થયેલા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરાવો જોઈએ નહીં અને તેને અડધેથી બે ટુકડા કરીને તાત્કાલિક બેંકને પરત અપાવું આવશ્યક છે.

**(G) જાહેરાત**

આરબીએલ બેંકે કાર્ડ મેમ્બરના ફેરચૂકવણીના ઇતિહાસ વગેરે સહિતની સઘળી માહિતી ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યૂરો અથવા અન્ય કાયદેસરની માન્યતા ધરાવતી એજન્સીઓને પૂરી પાડવાની રહેશે. આરબીએલ બેંક તેની સાથે પૂરા પડાતા દસ્તાવેજો અને અરજીપત્રને જાળવી રાખવાનો અબાધિત અધિકાર ધરાવે છે જેમાં ફોટોગ્રાફ્સ પણ સામેલ છે અને તેને તે પરત નહીં આપે.

a. કાર્ડ મેમ્બર આ સાથે સ્પષ્ટરૂપે બેંકને, ક્રેડિટ વેરિફિકેશન અથવા સંદર્ભની તપાસ અથવા પોતાના હિતોના રક્ષણ માટે આ કરાર અને/અથવા અન્ય કરારો સહિતની સઘળી/કોઈ પણ માહિતી જાહેર કરવાની અથવા કાર્ડ ધારક દ્વારા ડિફોલ્ટ કરાવા પર ભારતીય રિઝર્વ બેંક, આવકવેરા સત્તાવાળાઓ, ટ્રિબ્યુનલ, કોર્ટ, ન્યાયિક સત્તાઓ, અન્ય બેંકો, ક્રેડિટ બ્યૂરો, નાણાકીય

સંસ્થાઓ અથવા અન્ય કોઈ ત્રાહિત પક્ષકાર સાથે વહેંચણી કરવાની અધિકૃતતા આપે છે જે સમયાંતરે લાગુ પડતા જાહેરાતના નિયમોને આધિન રહેશે.

b. કાર્ડ સભ્ય આ સાથે સંમત થાય છે કે, ફક્ત કાર્ડ સભ્ય દ્વારા સ્પષ્ટરૂપે સંમતિ દાખવવા પર જ, ક્રેડિટ કાર્ડ અરજી પત્રમાં કાર્ડ સભ્ય દ્વારા પૂરી પડાયેલી અથવા અન્યત્ર જાહેર કરાયેલી માહિતીનો બેંક દ્વારા કાર્ડ સંબંધિત ઓફર્સના વેચાણ માટે માર્કેટિંગના ઉદ્દેશથી અન્યત્ર ઉપયોગ પણ થઈ શકે છે જેમાં બેલેન્સ ટ્રાન્સફર, ઈએમઆઈ ઓફર્સ, રોકડ-સંબંધિત ઓફર્સ તથા વીમા પ્રોડક્ટ્સ સામેલ થાય છે પરંતુ તે પૂરતા મર્યાદિત નથી. તદુપરાંત બેંક દ્વારા આ માહિતીનો સમયાંતરે બેંકની અન્ય પ્રોડક્ટ્સના વેચાણ માટે ઉપયોગ કરાઈ શકે છે, જે લાગુ પડતી જાહેરાતની શરતોને આધિન રહેશે. કાર્ડ મેમ્બર(મેમ્બરો) ને અસુવિધા ન થાય તે સુનિશ્ચિત કરવા, બેંક દ્વારા “ડૂ નોટ કોલ” રજિસ્ટર જાળવવામાં આવે છે અને ગ્રાહક(કો)ને કોઈ માર્કેટિંગ ઓફર વિશે કોલ મેળવવાનું પસંદ કરતાં ન હોય તો તેઓ ફોનથી 24 કલાક બેંક સેવાને કોલ કરીને અથવા cardservices@rblbank.com પર ઈ-મેઈલ મોકલીને આવા રજિસ્ટરમાં તેમના ઉક્ત સપંર્ક નંબર સૂચિબદ્ધ કરવા માટે જાણ કરી શકે છે. સંલગ્ન સંપર્ક વિગતોને બાકાત રાખવા માટે બેંકની વેબસાઈટ પર નોંધણી કરાવવી.

c. બેંકને (કાર્ડ મેમ્બર(મેમ્બરો) ની ઋણપાત્રતા અથવા તેને લગતી અસરનો) વિપરીત રિપોર્ટ પ્રાપ્ત થવા પર, બેંક દ્વારા ક્રેડિટ કાર્ડને રદ કરાઈ શકે છે, જેમાં સંપૂર્ણ બાકી શેષ તેમજ કોઈ પણ વધારાના ચાર્જિસ/ફીસ કે જે ક્રેડિટ કાર્ડના ઉપયોગથી ઉદભવી હોય અને હજી જેને સ્ટેટમેન્ટ દ્વારા બિલ કરાઈ ન હોય, તે કાર્ડ ધારકો દ્વારા તાત્કાલિક ચૂકવણીને આધિન રહે છે અને કથિત કાર્ડ ધારક(કો) દ્વારા ચૂકવવાપાત્ર બને છે.

d. બેંક દ્વારા કાર્ડ મેમ્બરની નોંધણી કરવામાં આવી છે તે લાભો અથવા કાર્યક્રમનું સંચાલન, સેવા અને વહીવટ કરવા માટે બેંકને સક્ષમ બનાવવા માટે કાર્ડ સભ્યો બેંકને ત્રાહિત પક્ષકારો સાથે કાર્ડ મેમ્બરને લગતી માહિતીની વહેંચણી કરવાની અધિકૃતતા આપે છે.

e. જો કે, ઉલટા કરતાં, કાર્ડ મેમ્બર બેંકને આ એગ્રીમેન્ટ અને/અથવા કોઈ અન્ય એગ્રીમેન્ટ, લેવડદેવડ, અથવા કાર્ડ મેમ્બર અને બેંક વચ્ચે નીચેના કોઈપણ હેતુસરઃ એ) મુખ્ય કચેરી, અથવા કોઈ અન્ય શાખા, બેંકની સંલગ્ન કંપનીઓ, અથવા એસોસિયેટેડ કે જોડાયેલ કંપનીઓ; બી) બેંકના વ્યવસાયિક સલાહકાર; સી) કોઈ સંભવિત કે વાસ્તવિક ખરીદકર્તા/બેંકના અથવા તેના કોઈ વેપારના, હકોના, મિલકતના અથવા ભારણના એસાઈની; અથવા ડી) કોઈપણ વ્યક્તિ જેને કાયદા અનુસાર જણાવવું જરૂરી હોય તેને કાર્ડ મેમ્બર વિશે તમામ જાણકારી અને દસ્તાવેજ પ્રગટ કરવાની અધિકૃતતા આપે છે

f. ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યૂરો ઈન્ડિયા લિમિટેડ (સિબિલ) એ ભારત સરકાર અને ભારતીય રિઝર્વ બેંકની (આરબીઆઈ) એક પહેલ છે જેનો ઉદ્દેશ ભારતીય નાણાકીય પ્રણાલિની કામગીરી અને સ્થિરતા સુધારવાનો છે. આ સંસ્થા બેંકો અને નાણાકીય સંસ્થાઓ વચ્ચેની માહિતીના આદાનપ્રદાન માટે અસરકારક માળખું પૂરું પાડવાના આરબીઆઈના પ્રયાસોને અનુરૂપ છે જેથી ગ્રાહકોને વિવિધ સંસ્થાઓ પાસેથી વધુ સારી ક્રેડિટ સુવિધા પ્રાપ્ત થઈ શકે.

g. તમામ બેંકો અને નાણાકીય સંસ્થાઓ કે જેઓ આ પહેલમાં જોડાઈ છે તેમના માટે પણ સિબિલ તથા અન્ય માહિતી બ્યૂરો સાથે ગ્રાહક ડેટાની વહેંચણી કરવી જરૂરી બને છે. ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખીને બેંકે કાર્ડ મેમ્બર(મેમ્બરો))/એડ-ઓન કાર્ડ મેમ્બર(મેમ્બરો) ના એકાઉન્ટને લગતી સઘળી માહિતી અને ડેટા સિબિલ અને અન્ય ક્રેડિટ માહિતી બ્યૂરોને સુપરત કરી દેવી જોઈએ.

h. કાર્ડ મેમ્બર(મેમ્બરો) એ વાતનું અનુમોદન કરે છે કે, વ્યાપારી પ્રણાલિઓ અને લાગુ પડતી જોગવાઈઓ અનુસાર બેંક સમયાંતરે પોતાના દ્વારા નિર્ધારિત કરાય તે મુજબ કોઈ પણ વર્તમાન અથવા ભાવિ ક્રેડિટ બ્યૂરો સાથે કાર્ડ મેમ્બર(મેમ્બરો)ની માહિતીની વહેંચણી કરવાની અધિકૃતતા ધરાવે છે. આ કથિત માહિતીની વહેંચણી સિબિલ અથવા અન્ય કોઈ પણ ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યૂરો સાથે કરાઈ શકે છે જેને સક્ષમ સત્તાવાળાઓ દ્વારા મંજૂર/અધિસૂચિત કરાઈ શકે છે જેનો ઉદ્દેશ ભારતીય નાણાકીય પ્રણાલી તેમજ આવી અન્ય સંસ્થાઓની કામગીરી તેમજ સ્થિરતાને સુધારવાનો છે.

i. કાર્ડ મેમ્બર દ્વારા પાછળથી બેંકને સંતુષ્ટી થાય તે રીતે તેના બધા લેણાં ચુક્તે કરે છે અથવા સમાધાન કરે છે, તો બેંકે પણ કથિત કાર્ડ મેમ્બરની વિગતો અપડેટ કરવાના વાજબી પ્રયાસો કરવાના રહેશે જે તેણે સિબિલ અથવા આવા અન્ય કોઈ ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યૂરોને પૂરી પાડી હોય જેથી તેમાં ફેરફાર જોવા મળે.

j. હું આ સાથે આરબીએલ બેંકને યુઆઈડીએઆઈ પાસેથી મેળવેલી કેવાયસીને લગતી કોઈ પણ/સઘળી વિગતો/બીએફએળ/ક્રેડિટ બ્યૂરો/વૈધાનિક સંસ્થાઓ/સબસિડિયરીઓ/એફિલિયેટ્સ/ક્રેડિટ બ્યૂરો/રેટિંગ એજન્સીઓ, સેવા પ્રદાતાઓ, બેંક/નાણાકીય સંસ્થા, સરકારી / નિયમનકારી સત્તાવાળાઓ અથવા કેવાયી માહિતીની પુષ્ટિ, ધીરાણ જોખમ વિશ્લેષણ, અથવા અન્ય કોઈ સંલગ્ન હેતુ માટે ત્રાહિત પક્ષકારોને આરબીએલ બેંકને અનુકૂળ લાગે તે રીતે વહેંચણી કરવાની સંમતિ આપું છું. કોઈ પણ નાણાકીય સહાય/સુવિધાઓ/નાણાકીય/ક્રેડિટ સુવિધા અથવા તેની પરના વ્યાજ/ચાર્જિસની ચૂકવણી અથવા ફેરચૂકવણીમાં ડિફોલ્ટ કરે છે તો, આરબીએલ બેંક અને/અથવા આરબીઆઈ પાસે આવા કાર્ડ મેમ્બર/અથવા તેના ડાયરેક્ટર્સ/ભાગીદારો/એડ-ઓન કાર્ડ ધારકોના નામો અને ડિફોલ્ટની વિગતોને એવી

રીતે અથવા એવા માધ્યમે જાહેર અથવા પ્રકાશિત કરવાનો અબાધિત અધિકાર રહેશે જે આરબીએલ બેંક અથવા આરબીઆઈને તેની સંપૂર્ણ મુનસફીને આધિન રહીને ઠીક લાગે. આરબીએલ બેંક ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઝ (રેગ્યુલેશન) એક્ટ, 2005ના સંબંધમાં કાર્ડ મેમ્બરના ક્રેડિટ ઇતિહાસ/ફેરચૂકવણી રેકર્ડ અને/અથવા છેલ્લા દિવસોની સ્થિતિને લગતી વિગતો ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યૂરોને આપી શકે છે. ક્રેડિટ કાર્ડ માટે કોઈ અરજીની સ્વીકૃતિનો આધાર કાર્ડ મેમ્બરની ક્રેડિટ પાત્રતાના વિપરીત અહેવાલ ન મળવા પર રહેલો છે. કાર્ડ અથવા અન્ય રીતે કાર્ડ મેમ્બરની ક્રેડિટ સુવિધાને પાછી ખેંચવા અથવા કાર્ડ એકાઉન્ટમાં કોઈ પણ વિસંગતતાઓ વિષે આરબીએલ બેંક અન્ય બેંકો અથવા નાણાકીય સંસ્થાઓને જાણ કરી શકે છે. વિપરીત રિપોર્ટ (કાર્ડ મેમ્બર અથવા તેના પરિવારજનોની ક્રેડિટ પાત્રતા સંબંધે) પ્રાપ્ત થવાના આધારે, આરબીએલ બેંક, લેખિતમાં 15 દિવસની આગોતરી નોટિસ પાઠવીને ક્રેડિટ કાર્ડને રદ કરી શકે છે અને તે સંજોગોમાં કાર્ડ એકાઉન્ટ પરની સઘળી બાકી શેષ તેમજ કાર્ડના ઉપયોગ માટે લગાવવામાં આવેલા ચાર્જિસ કે જેને હજી સુધી કાર્ડ એકાઉન્ટમાં ઉમેરાયા ન હોય તે બધા કાર્ડ મેમ્બર દ્વારા તાત્કાલિક ચૂકવણીને પાત્ર બને છે. આરબીએલ બેંકને એવી ફરજ નહીં પાડી શકાય કે તે કાર્ડ મેમ્બરને એવી બેંક અથવા નાણાકીય સંસ્થાનું નામ જણાવે કે જેની પાસેથી તેને આવી માહિતી મળી હતી અથવા જાણી હતી.

**k.** જ્યારે ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ ત્રણ દિવસથી વધુ સમય માટે 'પાસ્ટ ડ્યૂ' રહે ત્યારે જ બેંક ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ 'પાસ્ટ ડ્યૂ' તરીકે હોવાની ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ (CIC)ને જાણ કરશે. ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં ઉલ્લેખિત ચુકવણીની નિયત તારીખથી 'પાછળના દિવસો'ની સંખ્યાની ગણતરી કરવાની છે.

ક્રેડિટ ઇન્ફર્મેશન કંપની (CIC)ને ક્રેડિટ કાર્ડધારક અપરાધી તરીકે હોવાની જાણ કરતાં પહેલાં, બેંક આવા કાર્ડધારકને CICને ડિફોલ્ટર તરીકે જાણ કરવાના હેતુ વિશે સાત દિવસનો નોટિસ પીરિયડ ઇશ્યુ કરશે. જો ગ્રાહક ડિફોલ્ટર તરીકે હોવાની તેમને જાણ કર્યા પછી તેના/તેણીના લેણાંની પતાવટ કરે, તો બેંક લેણાંની પતાવટની તારીખથી એક મહિનાની અંદર સ્થિતિ અપડેટ કરશે.

## (H) કાર્ડ સુરક્ષા

ભારતીય રિઝર્વ બેંકના (આરબીઆઈ) મેન્ડેટ અનુસાર, સુરક્ષાનાં પગલાં તરીકે ઘરેલુ પોઈન્ટ ઓફ સેલ (પીઓએસ) અને એટીએમ સિવાયના તમામ વ્યવહારો માટે તમામ નવા જારી કરાયેલા, ફરી-જારી કરાયેલા અને રિન્યુ કરાયેલા ક્રેડિટ કાડ્ર્સને નિષ્ક્રિય અવસ્થામાં જ રવાના કરવાના રહેશે. જો કાર્ડ મેમ્બર ઘરેલુ, ઈન્ટરનેશનલ, ઓનલાઈન, પીઓએસ, સંપર્કહિન અને રોકડ ઉપાડ જેવી કોઈ પણ કેટેગરીમાં ઉપયોગ માટે પોતાના ક્રેડિટ કાર્ડને એક્ટિવેટ/ડિએક્ટિવેટ કરવા ઈચ્છે. જરૂરી ફેરફારો કરવા માટે કાર્ડ મેમ્બરને www.rblbank.com ની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.

કાર્ડ મેમ્બર એ બાબતની નોંધ લે કે જે કાડ્ર્સનો 18 મહિના અથવા વધુ સમય માટે ઓનલાઈન/ઈન્ટરનેશનલ/ સંપર્કહીન વ્યવહારો માટે ઉપયોગ કરાયો નહીં હોય તેને જે-તે કેટેગરી માટે આપમેળે-નિષ્ક્રિય કરી દેવાશે. જો કાર્ડ મેમ્બર આવી નિષ્ક્રિયતાને લીધે સ્વીચ ઓફ કરી દેવાયેલા કોઈ પણ કેટેગરીમાંના ઉપયોગ માટે પોતાના ક્રેડિટ કાર્ડને એક્ટિવેટ કરવા ઈચ્છતા હોય તો તેમને જરૂરી ફેરફાર કરવા www.rblbank.com પર મુલાકાત લેવા સલાહ અપાય છે.

## (I) સ્પેશિયલ મેન્શન તરીકે વર્ગીકરણ

## એકાઉન્ટ (એસએમએ) અને નોન-પર્ફોર્મિંગ એસેટ (એનપીએ) તરીકે વર્ગીકરણ અને અપગ્રેડેશન

જો લૉન/ક્રેડિટ કાર્ડ ખાતાની નિયત તારીખ 22 જાન્યુ., 2019 હોય તો, અને ધીરાણ આપનારી સંસ્થા આ તારીખ માટે દિવસના અંતેની પ્રક્રિયા હાથ ધરે તે પહેલાં તેને સંપૂર્ણ બાકી નાણાં પ્રાપ્ત ન થાય તો, મુદતવીતી તારીખ 22 જાન્યુ., 2019 રહેશે અને આ ખાતાને એસએમએ-0 તરીકે વર્ગીકૃત કરવામાં આવશે

જો બાકી નાણાંની સંપૂર્ણ રકમ (જો કોઈ ચાર્જિસ હોય તો તેના સહિત) બીજા દિવસે (23મી જાન્યુ., 2019) અથવા ભવિષ્યની અન્ય કોઈ તારીખે ચૂકવી દેવામાં આવે તો, તે દિવસના અંત સુધીમાં ખાતામાં રહેલી ડીપીડી શૂન્ય થઈ જશે અને ખાતાને નિયમિત તરીકે વર્ગીકૃત કરી દેવામાં આવશે.

જો ખાતું મુદતવીતી તરીકે ચાલું જ રહે છે, તો આ ખાતું 23 માર્ચ, 2019ના રોજ એટલે કે મુદતવીતી તરીકે સતત 60 દિવસ રહેવા પર દિવસના અંતની પ્રક્રિયા હાથ ધરાવામાં આવતાં એસએમએ-1 તરીકે વર્ગીકૃત થશે.

જો ખાતું તેનાથી આગળ પણ મુદતવીતી તરીકે જ ચાલું રહે છે તો, તે 22 એપ્રિલ, 2019ના રોજ દિવસના અંતની પ્રક્રિયા હાથ ધરાવામાં આવતાં તે એનપીએ તરીકે વર્ગીકૃત થઈ જશે.

જો ખાતું તેનાથી આગળ પણ મુદતવીતી તરીકે જ ચાલું રહે છે તો, તે 22 એપ્રિલ, 2019ના રોજ દિવસના અંતની પ્રક્રિયા હાથ ધરાવામાં આવતાં તે એનપીએ તરીકે વર્ગીકૃત થઈ જશે. એસેટનું વર્ગીકરણ (એટલે કે, એનપીએ કેટેગરી) ધીરાણકર્તાના સ્તરે હાથ ધરવામાં આવશે (એટલે કે, બેંક સાથેના તમામ સંબંધો)

એનપીએના કિસ્સામાં બેંક સાથેના તમામ સંબંધોમાં ચૂકવવાની બાકી સમગ્ર રકમ સંપૂર્ણપણે ચૂકવવાની રહેશે અને જો કોઇપણ નિયત તારીખે ધીરાણકર્તાના સ્તરે બાકી રકમ શૂન્ય હોય તો, સમગ્ર સંબંધને અપગ્રેડેશન માટે ધ્યાન પર લેવામાં આવશે.

## ડિસ્ક્લેઇમર

*આરબીએલ બેંક પોતાની સંપૂર્ણ મુનસફી મુજબ, પોતાની પ્રોડક્ટ્સના સંબંધમાં જરૂરી અથવા આવશ્યક લાગે તે રીતે અને તે શરતો મુજબ બાહ્ય સેવા પ્રદાતા/અથવા એજન્ટ્સની સેવાઓનો ઉપયોગ કરી શકે છે.

RBL_CC/MITC/28/02/2024

www.rblbank.com

આરબીએલ બેંક લિમિટેડ
કાર્ડ સંચાલક સેન્ટર: 306– 311, 3જો માળ, જેએમડી મેગાપોલિસ,
સોહ્ના રોડ, સેક્ટર-48,- 122 018, હરિયાણા.
સીઆઇએન: L65191PN1943PLC007308